ગુજરાત સમાચાર
ગુરુવાર, ૧૫-૧૦-૨૦૨૬

# ધર્મલોક



માધુપુરા અંબાજી માતા...

सर्वमंगलमांगल्ये शिवे सर्वार्थसाधिके ।
शरण्ये त्र्यम्बके गौरी नारायणि नमोस्तु ते ॥

# લલિતા ત્રિપુરસુંદરીની આરાધનાથી મળે શક્તિ, સમૃદ્ધિ અને સિદ્ધિ

'ધ્યાયેત્પદ્માસનસ્થાં વિકસિત વદનાં
પદ્મપત્રાયતાક્ષીં હેમાભાં પીતવસ્ત્રાં
કરકલિતલસદ્ધેમપદ્માં વરાઙ્ગીં ।
સર્વાલંકારયુક્તાં સતતમભયદાં
ભક્તનમ્રાં ભવાનીં શ્રીવિદ્યાં શાન્તમૂર્તિં
સકલસુરનુતાં સર્વસંપત્પ્રદાત્રીમ્ ॥

**વિચાર-વીથિકા**

**દેવેશ મહેતા**

જેઓ કમળના આસન પર બિરાજમાન છે, જેમનું મુખ ખીલેલા કમળ જેવું પ્રસન્ન છે, જેમની આંખો કમળની પાંખડીઓ જેવી વિશાળ છે, જેઓ સુવર્ણ સમાન તેજસ્વી કાંતિવાળા અને પીળા વસ્ત્રો ધારણ કરનારા છે, જેમના હાથમાં સોનાનું કમળ શોભી રહ્યું છે, જેઓ સુંદર અંગોવાળા અને સર્વ આભૂષણોથી સજ્જ છે, જેઓ ભક્તોને સદાય અભયદાન આપે છે, ભક્તો પ્રત્યે નમ્ર, દયાળુ છે તેવા સમસ્ત દેવાતાઓ દ્વારા પૂજિત, સર્વ સંપત્તિ પ્રદાન કરનારા, શાંત મૂર્તિ સ્વરૂપ શ્રીવિદ્યા (લલિતાસુંદરી) ભવાની દેવીનું હું ધ્યાન ધરું છું.

આસો સુદ પાંચમ એટલે લલિતા પંચમી. આ દિવસે લલિતાદેવી એટલે કે લલિતા સુંદરીનું પ્રાકટ્ય થયું હતું. લલિતા સુંદરીને ત્રિપુરા સુંદરી, ષોડશી, કામાક્ષી, રાજરાજેશ્વરી અને શ્રીવિદ્યા તરીકે પણ ઓળખવામાં આવે છે. શાક્ત ગ્રંથોના કેન્દ્રમાં લલિતા સહસ્ત્રનામ અને સૌંદર્ય લહરીમાં તેમના ગુણગાન કરવામાં આવ્યા છે. બ્રહ્માંડ પુરાણના લલિતોપાખ્યાનમાં તેમને આદિ પરા શક્તિ તરીકે ઓળખવામાં આવ્યા છે. ત્રિપુરા ઉપનિષદમાં તેમને બ્રહ્માંડની પરમ શક્તિ (ઊર્જા શક્તિ) તરીકે દર્શાવવામાં આવ્યા છે. તેમને બ્રહ્મા, વિષ્ણુ અને શિવથી ઉપર શાસન કરતી સર્વોચ્ચ ચેતના તરીકે વર્ણવવામાં આવ્યા છે. લલિતા સહસ્ત્ર નામમાં લલિતા ત્રિપુરસુંદરી અને રાક્ષસ ભંડાસુર વચ્ચેના વૈશ્વિક યુદ્ધનું વર્ણન છે જે અસદ્ પર સદ્ ના વિજયનું પ્રતીક છે.

પદ્મપુરાણ અને નારદપુરાણના પાતાળ ખંડ અનુસાર ભગવાન શ્રીકૃષ્ણ એ લલિતા દેવીનું પુરૂષ સ્વરૂપ છે. શાક્ત પરંપરાના તંત્રરાજ તંત્ર વર્ણવે છે કે દેવી લલિતા એ કૃષ્ણ તરીકે પુરૂષ સ્વરૂપ ધારણ કર્યું હતું. શ્રીકૃષ્ણના છ સ્વરૂપો છે જેમકે સિદ્ધ ગોપાલ, કામરાજ ગોપાલ, મન્મથ ગોપાલ, કંદર્પ ગોપાલ, મકર કેતન ગોપાલ અને મનોભવ ગોપાલ. લલિતા દેવીએ એ આ છમાંથી



છેલ્લા પાંચ સ્વરૂપોની રચના કરી હતી.

વામકેશ્વર તંત્ર કહે છે કે લલિતા ત્રિપુર સુંદરી હિમાલયના શિખરો પર રહે છે. ઋષિઓ અને સ્વર્ગની અપ્સરાઓ દ્વારા તેની પૂજા કરવામાં આવે છે. તેમનો વર્ણ શુદ્ધ, શ્વેત સ્ફટિક જેવો છે. તે વાઘની ચામડીનું વસ્ત્ર પહેરે છે, ગળામાં સર્પનો હાર પણ ધારણ કરે છે. તેમના વાળ જટામાં બાંધેલા હોય છે. તે ત્રિશૂળ ધારણ કરે છે. તે રત્નો, પુષ્પો અને ભસ્મના લેપથી શણગારેલા હોય છે. તેમનું વાહન મોટો બળદ છે.

શ્રીવિદ્યા જ લલિતા કામેશ્વરી મહાત્રિપુરસુંદરી છે. તે મહાકામેશ્વરના ખોળામાં બિરાજમાન હોય છે. પ્રસિદ્ધ દસ મહાવિદ્યાઓમાં ષોડશી વિદ્યા શ્રીવિદ્યાથી જ ઉત્પન્ન થયેલું સ્વરૂપ છે. શ્રીવિદ્યાને જ બ્રહ્મવિદ્યા કહેવાય છે. કામરાજ વિદ્યા કકારાદિ પંચદશ વર્ણાત્મક છે. એને કાદિ વિદ્યા પણ કહે છે. 'તંત્રરાજ'માં ભગવાન શિવજી દેવીને કહે છે - 'હે દેવી પાર્વતી ! કાદિ વિદ્યા તમારું જ સ્વરૂપ છે અને એનાથી બધા પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.' ત્રિમૂર્તિઓથી પુરા (પુરાતન) હોવાથી તે ત્રિપુરા નામથી ઓળખાય છે. તે સત્વ, રજસ્, તમસ્ નું સૂચન કરે છે. ત્રિપુરાર્ણવમાં કહેવાયું છે - તે ત્રણ નાડીઓ ઇડા, પિંગલા અને સુષુમ્ણાનું પણ સૂચન કરે છે. તેને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પર શાસન કરનારી સર્વોચ્ચ ચેતના પણ કહેવાય છે. તે ત્રણેય લોકમાં સર્વાધિક સુંદર છે એટલે ત્રિપુરાસુંદરી કહેવાય છે.

દેવી લલિતાને સર્વોચ્ચ શક્તિ માનવામાં આવે છે. દેવી સતીના શરીરનું હૃદય નૈમિષારણ્યમાં પડ્યું હતું, જેનાથી તે એક મુખ્ય શક્તિપીઠ બન્યું છે. એને 'લિંગધરણી'ના નામથી પણ ઓળખવામાં આવે છે. લલિતા સુંદરી અપ્રતિમ સુંદરતા, કરુણા, કૃપા માટે પૂજ્ય છે. તેમની સેવા અને ઉપાસના કરનારને સંસારના તમામ ભોગ સરળતાથી પ્રાપ્ત થઈ જાય છે અને તે પછી મોક્ષ (મુક્તિ) પણ ઉપલબ્ધ થઈ જાય છે. એટલે કહેવાયું છે - શ્રી સુંદરીસેવન તત્પરાણાં ભોગશ્ચ મોક્ષશ્ચ કરસ્થ એવ ॥

---

# સફળતા અહમ્નું કદ વધારી દે છે

દ્રોણ મહર્ષિ ભરદ્વાજનો પુત્ર હતો અને દ્રુપદ મહર્ષિ પુષતનો પુત્ર હતો. દ્રોણ અને દ્રુપદ ભરદ્વાજ ઋષિનાં આશ્રમમાં અભ્યાસ કરતાહતા. સાથે રમતા, સાથે જમતા, સાથે ગુરૂની સેવા કરતા, સાથે મસ્તી કરતા અને સાથે સાથે અધ્યયન કરતા. એકબીજા વગર રહી ના શકાય એવી ગાઢ મિત્રતા હતી. દ્રુપદ ઘણીવાર દ્રોણને કહેતો. જો તે રાજા બનશે તો તેની મદદ કરશે. સમય જતાં પિતા પૃષતના મૃત્યુ બાદ દ્રુપદ પાંચાલ દેશનો રાજા બન્યો અને ગુરૂ પિતા ભરદ્વાજના મૃત્યુ બાદ દ્રોણ આશ્રમનો વહીવટ સંભાળવા લાગ્યો. ગુરૂના ગયા બાદ શિષ્યોની સંખ્યા ઘટતી જતી હતી. જે થોડા ઘણા શિષ્યો આવતા તેમની દક્ષિણાથી માંડ માંડ આશ્રમનો નિભાવ થતો. દ્રોણે કૃપી સાથે લગ્ન કર્યા. તેમને ત્યાં અશ્વત્થામાનો જન્મ થયો. દ્રોણ સદાચારી હતો પણ ગરીબ હતો. એટલો ગરીબ કે બે ટંકનું ખાવાનું માંડ પૂરૂં થતું. દૂધ તો જોવાય ના મળતું. અશ્વત્થામા દૂધ માટે જીદ કરતો. રડારોળ કરતો. માતા કૃપીથી તેની દશા જોવાતી નહોતી. તે લોટમાં પાણી ભેળવીને પુત્રને પીવા આપતી. અશ્વત્થામાના આશ્રમ મિત્રો તેને ચીડવતા. અશ્વત્થામા રડતો. ધમપછાડ કરતો. કકળાટ કરતો. મિત્રો તેની બેહાલીની મજાક ઉડાડતા. દ્રોણથી પુત્રની લાચારી જોવાતી નહોતી. દ્રોણને તેનો બાળપણનો મિત્ર દ્રુપદ યાદ આવ્યો. હવે તે રાજા થઈ ગયો છે. મિત્ર માટે મદદ માંગતાં શું સંકોચ ? એક દિવસ તે દ્રુપદના રાજદરબાદમાં મિત્રને મળવા પહોંચી ગયો. પણ દ્રોણની ચિંથરેહાલ દશા જોઈને દ્રુપદના ભવાં ચડી ગયાં. દ્રોણે કહ્યું, 'મિત્ર, જો હું તને મળવા આવ્યો છું. તને આશ્રમના એ મસ્તીભર્યા દિવસો યાદ છે ને ! કેવી મસ્તી કરતાં કરતાં સાથે અધ્યયન કરતા હતા !! દ્રુપદે તેની વાત ગણકાર્યા વગર અણગમો જાહેર કર્યો. ''(આસીત સખ્યં દ્વિજ શ્રેષ્ઠ ત્વયા... વિદુષઃ સખા- આદિપર્વ) અરે, મૂઢ ! આશ્રમમાં તારી સાથે જે મિત્રતા હતી એ તો સાથે રમવાની, અધ્યયન કરવાના સ્વાર્થ પૂરતી હતી. દ્રોણ, તું તો સમજુ છે. એક રાજાની તારા જેવા નિર્ધન, ગરીબ માણસ સાથે કેવી રીતે મિત્રતા હોઈ શકે ? મૂર્ખને વિદ્વાન સાથે, કાયરને શૂરવીર સાથે મિત્રતા ના હોય એમ મારા જેવા રાજા સાથે તારી મિત્રતા કેવી રીતે હોઈ શકે ?'' (એકરાત્રં તુ તે બ્રહ્મન્ કામં દાસ્યામિ ભોજનમ્... આદિપર્વ) પણ હા, જો તું ભૂખ્યો હોય તો તને આજની રાત રાજ્ય તરફથી ભોજનની વ્યવસ્થા હું કરાવી શકું છું.''

દ્રુપદના અપમાનજનક વર્તાવથી દ્રોણ સમસમી ગયો. આવો તિરસ્કાર ! આવો અનાદર ! આવું અપમાન !! જે બાળમિત્ર દ્રુપદ રાજા બન્યા પછી રાજ્યમાં ઉચ્ચ પદ આપવાનું વારંવાર રટણ કરતો હતો તે રાજસિંહાસન મળતાં જ અહંકારી થઈ ગયો. દ્રોણ ભારે હૈયે ચૂપચાપ દરબારમાંથી બહાર નીકળી ગયો. તેણે મનોમન પ્રતિજ્ઞા કરી કે હવે તે દ્રુપદને આ અપમાનનો જવાબ આપશે.

સફળતા સહેલાઇથી અહમના સકંજામાં સપડાઈ જાય છે. સિદ્ધિની પાલકી પર અહંકાર હક્ક જમાવે ત્યારે તે મૂલ્યહીન થઈ જાય છે. 'કબીર ગર્વ ન કીજિયે, રંક ન હસિયે કોય, અજહું નાવ સમુદ્રમેં, ના જાયે ક્યા હોય.' કબીરજી કહે છે. માણસે તન, ધન, બળ કે કુળનું અભિમાન ના કરવું. જે દુઃખી છે, પીડિત છે, ગરીબ છે તેની મશ્કરી ના કરવી. તેની ફજેતી ના કરવી. કારણ કે હજુ આપણી જીવનનૌકા સંસાર સમુદ્રમાંથી પસાર થઈ રહી છે. સામે પાર પહોંચ્યા નથી. ક્યારે તોફાન આવે, વમળ પેદા થાય, નાવ ડૂબી જાય - કોને ખબર ક્યારે શું થાય ? તેથી અભિમાન ત્યજીને સદ્ભાવી બનવું. સંબંધ, લાગણી, આદર અને વિવેકને સમજનાર મૂઢ રહી શકતો નથી. તે આંખમાં આંખ પરોવી શાંતચિત્તે પોતાની વાત કરી શકે છે. દરેક પરિસ્થિતિમાં પસાર થતી ઋતુઓની માફક મઝા માણી શકે છે. તેને ઠેસ, ઠોકર કે અપમાન વિચલિત કરી શકતું નથી.

અભિમાની રાજા બાલીકે નાનકડી વાતથી નારાજ થઈ પ્રધાનમંત્રી ભદ્રજિતને તેમના પદ પરથી હટાવી દીધા. ઉપરથી ઉપહાસ કરતાં કહ્યું, 'ભદ્ર, હવે તને ખબર પડશે કે હું કોણ છું અને તારી ઓકાત કેટલી છે !!' ભદ્રજિત વિનમ્રતાથી રાજાનું અભિવાદન

**અહંકારીને સિદ્ધિ માણવા કરતાં બતાવવી વધારે ગમે છે. તે એમ સમજે છે કે તેની આસપાસ જેટલા હારેલા, દુઃખી અને નિષ્ફળ છે તેના કરતાં તે વધારે સુખી છે. સફળતાનું સૌંદર્ય મેઘધનુષ્ય જેવું ક્ષણિક હોય છે**

કરી શાંતિથી બહાર જતા રહ્યા. તેમણે પ્રધાનપદથી દૂર થવાની વાતને ભગવાનની ઇચ્છા સમજી લીધી. તે શાસ્ત્ર અધ્યયન, સત્સંગ અને જનસેવાના કાર્યમાં જોડાઈ ગયા. તે નિઃસ્વાર્થ સેવામાં એટલા લીન થઈ ગયા કે તેમને યાદ પણ ના રહ્યું કે તે ક્યારેક પ્રધાનમંત્રી હતા. તે લોકોની વચ્ચે રહી પ્રશ્નો ઉકેલતા, સેવા કરતા. એક દિવસ અચાનક રાજાને તેમની યાદ આવી. વિચાર્યું કે ભદ્રજિતની હાલત કેવી દયનીય થઈ ગઈ હશે !! કેટલા લાચાર થઈ ગયા હશે ! રાજા વેશપલટો કરી તેમની ખબર લેવા ગયા. તેમણે જોયું ભદ્રજિત તો ખુશ છે, લોકસેવામાં મગ્ન છે. રાજાને આશ્ચર્ય થયું. જો કે ભદ્રજિત રાજાને ઓળખી ગયા. તેમનું અભિવાદન કર્યું. ''રાજન્, આવો. બેસો, હું ફરી તમારો આભાર માનું છું. તમે પ્રધાનપદેથી હટાવ્યો ના હોત તો મને લોકોની સમસ્યા, તેમની પીડા, તેમના દુઃખની ખબર જ ના પડત. તેમની સેવા કરવાથી મને શાંતિ મળે છે. મને એમ જ લાગે છે જાણે હું ભક્તિ કરી રહ્યો છું.'' રાજા સ્તબ્ધ થઈ ગયો. તેને પણ લાગ્યું કે સિદ્ધિ હોમ કે રાજ-પદ એ ગમતું પાત્ર છે. બુંદ બુંદ ટપકતા પાત્રમાં અહમ્નું જળ ક્યાં સુધી ટકી શકે ?

અહંકારીને સિદ્ધિ માણવા કરતાં બતાવવી વધારે ગમે છે. તે એમ જ સમજે છે કે તેની આસપાસ જેટલા હારેલા દુઃખી અને નિષ્ફળ છે તેના કરતાં તે વધારે સુખી છે. સફળતાનું સૌંદર્ય ધોધના પાણીથી રચાતા મેઘધનુષ્ય જેવું ક્ષણિક હોય છે. (Success do not build char- acter they reveal it) સફળતા ચારિત્ર્યનું નિર્માણ કરે છે એ વાત તો ઠીક, પણ ખરેખર સફળતા માણસનું અસલી ચારિત્ર્ય ખુલ્લું કરે છે. એટલે જ શેક્સપિયરે કહેલી વાત સાચી લાગે છે. માણસનો અસલી સ્વભાવ જાણવો હોય તો તેને રાજ સિંહાસન પર બેસાડી દો. નિરહંકારી માણસ સફળતાના શિખર પર હોવા છતાં તેના મૂળ સંસ્કાર ભૂલતો નથી.

સંગીતકાર શ્યામજી ઘનશ્યામજી તેમની ફિલ્મ 'ઠોકર'નું એક ગીત રફીસાહેબ પાસે ગવડાવવા માંગતા હતા. મોહમ્મદ રફી ત્યારે એક ગીત ગાવા માટે પંદર હજાર ફી લેતા. સંગીતકારે પોતાની પત્નીના ઘરેણાં અને ઘરનો થોડો સામાન વેચીને માંડ દશ હજાર ભેગા કર્યા. ગીતના રિહર્સલ વખતે રફીને આ વાતની ખબર પડી ત્યારે તેમને પ્રેમથી ઠપકો આપ્યો અને ગીતના મહેનતાણા બદલ ફક્ત એકાવન રૂપિયા લીધા. એક પ્રસિદ્ધ ગાયક માટે પૈસા કરતાં ગીત મહત્વનું હતું. તેમના માટે ગીત જીવન હતું. પૂજા હતી. સિદ્ધિનો અહમ્ નહોતો.

મોગલ બાદશાહોનો નિયમ હતો પુત્રી કે બહેનને પરણવા ના દેવી કારણ ? બાદશાહને જમાઈ સામે ઝૂકવું ના પડે. જમાઈ જોઈએ જ નહિ. ૧૯૭૬માં એક વિચિત્ર વાત બની. સાહિત્ય, વિજ્ઞાન, કેમેસ્ટ્રી દરેકે દરેક ક્ષેત્રના નોબેલ પ્રાઈઝ અમેરિકન નાગરિક હોય તેને જ મળ્યાં. કારણ ? ૧૯૭૬નું વર્ષ બાય સેન્ટેનીઅલનું હતું. એટલે કે ૧૯૭૬માં અમેરિકાને ૨૦૦ વર્ષ પૂરાં થયાં હતાં જ્યાં સફળતા હોય, શક્તિ હોય ત્યાં અહમ્ તો હોય જ ને !! જ્યારે માઉન્ટ એવરેસ્ટ હિલેરીએ સર કર્યું ત્યારે તેણે કહ્યું, 'મેં એવરેસ્ટ જીતી લીધો.' જ્યારે તેનસિંગે શિખર પર ચડી ઘૂંટણિયે પડીને ફૂલો મૂક્યા, પૂજા કરી. ખરેખર હિમાલય જીતાતો નથી, તેની પૂજા કરવાની હોય છે.

**- સુરેન્દ્ર શાહ**

**મુખપૃષ્ઠ તસ્વીર : સુરેશ મિસ્ત્રી**

# અજ્ઞ વ્યક્તિ અનુકૂલ સંયોગોને ય પ્રતિકૂલ બનાવી દે વિશેષજ્ઞ વ્યક્તિ પ્રતિકૂલ સંયોગોને ય અનુકૂલ બનાવી દે

ધર્મરત્નપ્રકરણગ્રન્થકર્તા મહર્ષિ શુદ્ધ ધર્મપ્રાપ્તિની ભૂમિકારૂપ જે એકવીશ ગુણો દર્શાવે છે તેમાં આજે આપણે વિચારીશું સોળમા ક્રમાંકનો ગુણ. એનું નામ છે વિશેષજ્ઞતા.

બુદ્ધિ સાથે સંબંધ ધરાવતા આ ગુણને બરાબર સમજવા આપણે ત્રણ શબ્દો પર ચિંતન કરીએ. એમાં એક છે અજ્ઞ, બીજો છે સુજ્ઞ અને ત્રીજો શબ્દ છે વિશેષજ્ઞ. અજ્ઞ વ્યક્તિ એ કહેવાય કે જે કાંઈ ભણ્યો ન હોય, સાવ અભણ હોય. કહેવતનો ઉપયોગ કરવો હોય તો એના માટે એમ કહી શકાય કે 'કાળો અક્ષર ભેંસ બરાબર...' સુજ્ઞ વ્યક્તિ એ છે કે જેણે બરાબર અભ્યાસ કર્યો હોય. માત્ર અક્ષરજ્ઞાન જ નહિ, એથી આગળ વિધિ જરૂરી વિષયોનું એની પાસે વ્યવસ્થિત જ્ઞાન હોય. જ્યારે વિશેષજ્ઞ વ્યક્તિ એ છે કે જે અભ્યાસ ઉપરાંત એવી પ્રજ્ઞાથી સંપન્ન હોય કે એનાં કારણે અચાનક આવી પડેલ વિષમતાઓમાં આપોઆપ યોગ્ય ઉપાય કરી શકે. આ જો કે ત્રણેય શબ્દોની સામાન્ય વ્યાખ્યા છે. આમાં હજુ નવા અર્થસંદર્ભો ય ખૂલી શકે.

વિશેષજ્ઞ વ્યક્તિને સમજવા આપણે એક તળપદો શબ્દપ્રયોગ કરી શકીએ 'કોઠાસૂઝ' ધરાવતી વ્યક્તિ. એની કોઠાસૂઝ-હૈયાઉકલત એવી હોય કે મુશ્કેલ પરિસ્થિતિના ઉપાયો એ જાણે ચપટી બજાવતા શોધી કાઢે. ન એ ઉપાયો કોઈ પાઠ્યપુસ્તકોમાં આવતા હોય કે ન એ કોઈની શિખામણોથી પ્રાપ્ત થતા હોય. એ એની સંવ્યંભૂ અંતઃસ્ફૂરણાથી પ્રગટી જતા હોય છે. એક મસ્ત ઉદાહરણથી-દ્રષ્ટાંતથી આપણે આ વાત સમજીએ :

પિતાના મૃત્યુ બાદ સાવ નાની દશ વર્ષની વયે બાળરાજાએ રાજ્યની ધુરા સંભાળી હતી. રાજમાતાએ બાળપુત્રની ચિંતા સતત રહેતી કે એનાં રાજ્યસંચાલનમાં ખામીઓ ન રહે, અને સત્તાનો નશો ન ચડી જાય. ઘણી બધી બાબતોમાં એ બાળરાજાને માર્ગદર્શન આપતી રહે. એવામાં બાજુના શત્રુરાજ્ય તરફથી બાળરાજાને એમનાં રાજ્યની મુલાકાતનું આમંત્રણ આવ્યું. એ રાજ્યના રાજા મુસ્લિમ હતો.

રાજમાતાની ચિંતા વધી ગઈ. કારણ કે એ જો બાળરાજાને ત્યાં ન મોકલે તો અસર એવી સર્જાય કે બાળરાજા ડરપોક છે, માટે મુલાકાતની હિંમત નથી કરતો. જો એને ત્યાં મોકલે અને બાળરાજા જવાબ દેવામાં-પ્રતિભાવ આપવામાં કાચો પડે તો ય મુસીબત. બન્ને સ્થિતિમાં મુસ્લિમ રાજવી દ્વારા હુમલાની નોબત બજી શકે એમ હતી. ઘણા મનોમંથનના અંતે રાજમાતાએ મન્ત્રીઓના રસાલા સાથે બાળરાજાને ત્યાં મોકલવાનો નિર્ણય કર્યો. સાથે જ પૂર્વ તૈયારીરૂપે એ બાળરાજાને જાતજાતની સલાહ આપતી રહી કે 'જો રાજા આવું પૂછે તો એનો ઉત્તર આવો આપવો' વગેરે.

બધી વાત શાંતિથી સાંભળી બાળરાજા બોલ્યો : 'મા ! ધારો કે એ રાજા મને

**અમૃતની અંજલિ**

**આચાર્ય વિજયરાજરત્નસૂરિ**

આમાંનું કાંઈ જ ન પૂછે ને સાવ નવી જ કલ્પના બહારની વાત પૂછે તો મારે શું કરવાનું ?' 'તો ત્યારે તને જે સૂઝે એ પ્રમાણે જવાબ આપવાનો.' માતાએ કહ્યું. 'તો પછી તું આ ચિંતા મૂકી દે. ત્યારે જે પરિસ્થિતિ હશે તે પ્રમાણે હું વર્તીશ. પડશે એવા દેવાશે.' માતાને બાળપુત્રના આત્મવિશ્વાસ પર વિશ્વાસ જાગ્યો.

યથા સમયે બાળરાજા રસાલા સાથે શત્રુરાજ્યની રાજધાનીમાં ગયો. ત્યાં સાવ અણધારી પરિસ્થિતિ જ સર્જાઈ. રાજદરબારમાં પ્રવેશ બાદ જેવો તે મુસ્લિમ રાજાની સમીપ પહોંચ્યો તેવો જ એ રાજાએ તેના બન્ને હાથ પકડી લીધા અને એનું પાણી માપવા પૂછ્યું કે 'અત્યારે તમારા બન્ને હાથ મેં પકડી લીધા છે, તમે હવે શું કરશો ?' આ સાવ જ અણધારી પરિસ્થિતિ હતી. બાળરાજાએ પૂર્ણ આત્મવિશ્વાસથી ઉત્તર આપ્યો : 'તમે મુસ્લિમ રાજા છો. હિંદુ રીતરિવાજોની તમને કાંઈ ગતાગમ નથી. માટે તમે આવો પ્રશ્ન પૂછો છો.'

'અરે આમાં હિંદુ-મુસ્લિમનો પ્રશ્ન ક્યાં આવ્યો ?' રાજાએ આશ્ચર્ય દર્શાવ્યું.

'જુઓ, અમારી હિંદુ પરંપરામાં એ પ્રસિદ્ધ રિવાજ છે કે કન્યાનો ફક્ત એક હાથ પુરૂષ જાહેરમાં પકડે તો એને જિંદગીભર સાચવવાની જવાબદારી પુરૂષની બની જાય છે. તમે તો મારા એક નહિ, બન્ને હાથ જાહેરમાં પકડ્યા છે. માટે મને અને મારા રાજ્યને જીવનભર સંભાળવાની જવાબદારી હવે તમારી બની ગઈ. આમાં મારે કાંઈ કરવાની વાત જ નથી રહેતી !' કહેવાની જરૂર નથી કે બાળરાજાની આ જોરદાર 'સિક્સર'થી મુસ્લિમ રાજા એવો પ્રભાવિત થઇ ગયો કે



**વિશેષજ્ઞ વ્યક્તિને સમજવા આપણે એક તળપદો શબ્દપ્રયોગ કરી શકીએ 'કોઠાસૂઝ' ધરાવતી વ્યક્તિ. એની કોઠાસૂઝ-હૈયાઉકલત એવી હોય કે મુશ્કેલ પરિસ્થિતિના ઉપાયો એ જાણે ચપટી બજાવતા શોધી કાઢે. ન એ ઉપાયો કોઈ પાઠ્યપુસ્તકોમાં આવતા હોય કે ન એ કોઈની શિખામણોથી પ્રાપ્ત થતા હોય. એ એની સંવ્યંભૂ અંતઃસ્ફૂરણાથી પ્રગટી જતા હોય છે.**

એણે બાળરાજાને-એના રાજ્યને પડકારવાનો વિચાર માંડી વાળ્યો.

આ છે વિશેષજ્ઞતા. એની કોઈ તૈયાર 'ગાઈડબુક' હોતી નથી. એ આંતરસૂઝમાંથી પ્રગટે છે...

મૂળ ગ્રન્થકાર અને ટીકાકાર મહર્ષિ આ વિશેષજ્ઞતાને સમજાવવા બે વાત કરે છે. એમાંની પ્રથમ વાત એ છે કે સચેતન-અચેતન કોઈ પણ વસ્તુના ગુણ-દોષને પક્ષપાત વિના બરાબર લક્ષ્યમાં લેવા. પછી એ મુજબ પ્રવર્તવું તે છે વિશેષજ્ઞતા. ઉદાહરણરૂપે વિચારીએ ભાઈનો પુત્ર અને પોતાનો પુત્ર. ધારો કે ભાઈનો પુત્ર અત્યંત સમજદાર-પરિસ્થિતિને યોગ્ય રીતે નિપટાવી શકે તેવો પ્રાજ્ઞ અને નમ્ર છે. સામે પક્ષે પોતાનો પુત્ર આ બધા ગુણોમાં કાચો છે. આ સ્થિતિમાં બન્નેમાંથી કોઈ મહત્વના પ્રસંગે પ્રતિનિધિત્વ માટે મોકલવાનું બને ત્યારે વિશેષજ્ઞ વ્યક્તિ 'આ ભાઈનો પુત્ર છે, માટે એને ગૌણ કરું અને આ મારો પુત્ર, માટે એને મુખ્ય કરું' આવો પક્ષપાત-ભેદભાવ ન રાખે. બલ્કે બન્નેના ગુણ-દોષને પારખીને નિર્ણય કરે કે આ મહત્વના પ્રસંગમાં પરિવારનું પ્રતિનિધિત્વ બરાબર થાય તે માટે ભાઈના પુત્રને મુખ્ય કરવો. આ થઇ પ્રથમ પ્રકારની વિશેષજ્ઞતા. એ વ્યવહારિક ક્ષેત્રોમાં વ્યક્તિને સફ્લતા બક્ષે.

ગ્રન્થમાં બીજા પ્રકારની વિશેષજ્ઞતા આ દર્શાવી છે કે ધર્મ-અધર્મસંબંધી ગુણદોષોને જે સૂક્ષ્મતાથી સમજી શકે તે વ્યક્તિ છે વિશેષજ્ઞ. આવી વિશેષજ્ઞ વ્યક્તિ માટે મૂળ ગ્રન્થકારે પંક્તિ લખી છે કે 'ઉત્તમ ધમ્મારિહો તેણ.' આ કારણથી વ્યક્તિ ઉત્તમ ધર્મને યોગ્ય બને છે. જરા સમજીએ આ વાત.

કેટલીક વાર એવું બને કે વ્યક્તિ ધર્મ કરવા ઇચ્છુક હોય. પરંતુ ગુણ-દોષની સૂક્ષ્મ સમજ ન હોવાના કારણે ધર્મની બુદ્ધિથી અધર્મ આચરી બેસે. એવી જ રીતે વ્યક્તિ અધર્મ છોડવા ઉત્સુક હોય. પરંતુ ગુણ-દોષની ઊંડી સમજ ન હોય તો એવું ય બને કે એનાથી પ્રકારાંતરે નવો અધર્મ જીવનમાં પ્રવેશી જાય. આવી ક્ષતિઓ ન થાય તે માટે 'અષ્ટપ્રકરણ' ગ્રન્થમાં ૧૪૪૪ ગ્રન્થસર્જક સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે 'સૂક્ષ્મબુદ્ધિઅષ્ટક'માં પ્રથમ શ્લોક આ રચ્યો છે કે :-

સૂક્ષ્મબુદ્ધ્યા સદા જ્ઞેયો, ધર્મો ધર્માર્થિભિર્નરૈઃ,
અન્યથા ધર્મબુદ્ધ્યૈવ, તદ્વિઘાતઃ પ્રસજ્યતે ।

ભાવાર્થ કે ખરી ધર્માર્થી વ્યક્તિએ સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મ સમજવો જોઈએ. નહિ તો ધર્મબુદ્ધિથી જ ધર્મની ઘાત થશે. આ સંદર્ભમાં એમણે એક જ અષ્ટકમાં જે દ્રષ્ટાંત આપ્યું છે તે અહીં નિહાળીએ :

એક નાનકડા ગામમાં દાયકાઓ બાદ શ્રમણવૃંદનું ચાતુર્માસ થયું. ભદ્રિક ગ્રામજનોનો ઉમંગ હૈયે સમાતો ન હતો. પ્રવેશદિને જ પ્રવચનસભામાં મુખ્ય શ્રમણે પ્રેરણા કરી કે 'આ ચાતુર્માસપર્યંત અમલમાં રખાય એવો કોઈ ને કોઈ ધર્મનિયમ સહુ સ્વીકારો તો દાયકાઓ બાદ થતું આ ચાતુર્માસ તમારા માટે લેખે લાગે.' દરેકે મનોમન પોતાનો ધર્મનિયમ ધાર્યો અને પ્રતિજ્ઞા અપાઈ. તે પછી પૂરું ચાતુર્માસ પ્રવચનો-આરાધનાઓ થઈ. જોતજોતામાં ચાતુર્માસ પૂર્ણ થયું અને શ્રમણોનો વિહાર દિવસ આવી ગયો.

વિહાર દિને ભદ્રિક ગ્રામજનો શ્રમણોને દૂર સુધી વળાવવા ગયા. કેટલાયનાં મુખ મ્લાન હતા, કેટલાકની આંખો આંસુ સારતી હતી. શ્રમણોએ 'સાધુ તો ચલતા ભલા' નો ધર્મનિયમ સમજાવી સહુને ત્યાંથી પરત મોકલ્યા. પરંતુ એક ભદ્રિકજન અટકાવ્યો અટક્યો નહિ. એ રડતો જાય અને શ્રમણો સાથે ચાલતો જાય. શ્રમણો સાથે એકાંત મળ્યા પછી એ રડતી આંખે બોલ્યો : 'મહારાજજી ! પ્રવેશદિને તમે ધર્મનિયમની પ્રતિજ્ઞા આપી હતી એનું મેં પાલન કર્યું. એટલે મને બહુ રડવું આવે છે.'

મુખ્ય શ્રમણે આશ્વાસન આપતા કહ્યું : 'આવું બીજી વાર ન થાય એનો ખ્યાલ રાખવો. કઈ ધાર્મિક પ્રતિજ્ઞા સ્વીકારી હતી તમે ?'

'મેં એ પ્રતિજ્ઞા સ્વીકારી હતી કે આ ચાતુર્માસમાં જે પણ શ્રમણો માંદા પડે તેની દવા-ડોક્ટર વગેરેનો તમામ લાભ હું જ લઇશ. ભલે ગમે તેટલો ખર્ચ થાય. પણ મારાં ભાગ્ય અવળાં કે પૂરાં ચાતુર્માસમાં એક પણ શ્રમણ માંદા ન પડ્યા. અને એક રૂપિયાની સેવા-લાભ ન મળ્યો ! હું રોજ વિચારતો હતો કે કોઈ શ્રમણ માંદા પડે તો સારું. મારી પેલી પ્રતિજ્ઞા પૂર્ણ થાય. પણ એવું બન્યું જ નહિ !' ભાઈ પ્રકાશ્યા.

વસ્તુતઃ આ અજ્ઞાતજનતિ ધર્મના નામે અધર્મ હતો. વિશેષજ્ઞતા તો એ જ વિચાર આપે કે 'શ્રમણો માંદા જ ન પડે. જો કર્મવશ માંદા પડે તો મારે લાભ લેવો.' આવો, આપણે આ વિશેષજ્ઞતાના માલિક બનીએ...

# ખુશીઓના ખજાનાની ચાવી : મનની પવિત્રતા

ફૂલ બેહદ સુંદર હોય તો એ ફૂલ સહુને ગમે છે, અત્તર વિશેષથી ખુશ્બુદાર હોય તો એ અત્તર સહુને ગમે છે અમે જીવન ખુશીઓથી ભરપૂર હોય તો એ જીવન પણ સહુને ગમે છે. આવું ખુશીઓથી સંપન્ન જીવન રચવા માટેનો ત્રીજો ઉપાય છે પવિત્ર મનનું સર્જન.

**પ્રેરણાની પરબ**

**આચાર્ય વિજય અક્ષયરત્નસૂરિ**

પ્રથમ દૃષ્ટિએ સવાલ થાય કે ખુશીઓને અને મનની પવિત્રતાને વળી શું નાતો ? પરંતુ વાસ્તવમાં ખુશીઓને મનની પવિત્રતા સાથે મજબૂત સંબંધ છે. કારણ કે મન પવિત્ર હોય તો આપણને ત્રણ લાભ થાય છે : (૧) મન હંમેશા શુભ કાર્યો કરવા માટે જ પ્રેરિત થાય છે : પવિત્ર મનમાં શુભ કાર્યો કરવાની જ મતિ પ્રગટે તે સહજ છે અને શુભકાર્યો દ્વારા પ્રગટેલું પુણ્ય જીવનમાં ખુશીઓ સર્જે તે પણ સહજ છે. (૨) કોઈના માટે ફરિયાદ રહેતી નથી : પવિત્ર મનમાં દરેક બાબતને સકારાત્મક લેવાની વૃત્તિ હોય છે. ક્યારેક નિષ્ફળતા મળે તો એ વિચારશે કે કોઈક કર્મોના ઉદયથી આ બન્યું. પરંતુ હવે હું વધારે પુરુષાર્થ કરીશ. કોઈક હેરાન-પરેશાન કરી જાય તો એ વિચારશે કે 'અરે! ક્યારેક આ ભવમાં યા પરભવમાં મેં ય તેને હેરાન કર્યો જ હશે ને ? એમાં એનો શો દોષ ? અને કો'ક વિના કારણે અપમાન કરે તો વિચારશે કે 'આજે વ્યક્તિને કેટલાય પ્રકારની તકલીફો-ચિંતાઓ હોય છે. તેથી સ્ટ્રેસમાં ક્યારેક આવું થઈ પણ જાય...' દરેક બાબતને આ રીતે



સકારાત્મક લેવાથી વ્યક્તિ દુઃખી થતી નથી અને ખુશ રહે છે. (૩) સૌનાં માટે મનમાં હંમેશા શુભ વિચારો રહે છે : પવિત્ર મન હંમેશા સૌનું ભલું થાય- સારું થાય તેવા વિચારો જ કરે છે અને નિયમ એ છે કે જેવા વિચાર આપણે સામેવાળા માટે કરીએ એવા જ વિચાર 'એક્શન એવું રિએક્શન' ન્યાયે સામેની વ્યક્તિનાં મનમાં આપણા માટે આવે છે એટલે કે જો આપણા મનમાં સામેની વ્યક્તિની ખુશીના વિચારો હોય તો સામેની વ્યક્તિનાં મનમાં પણ આપણી ખુશીના વિચારો આવે. આ વાતને એક ઘટના દ્વારા સમજીએ : રાજા અને મંત્રી રસ્તા ઉપરથી પસાર થતા હતા. વાતવાતમાં મંત્રી બોલ્યો : ''મહારાજ! આપણા મનમાં જો બીજા માટે બૂરા વિચાર હોય તો તેનાં મનમાં પણ આપણા માટે બૂરા વિચાર આવે. માટે હંમેશા સારા વિચાર કરવા જોઈએ.'' રાજાએ તર્ક કર્યો ''અરે! આપણા વિચાર આપણે જાણીએ. એની અસર વળી બીજાને ક્યાંથી થાય ? આપણા વિચારોની ખબર બીજાને શી રીતે પડે ?'' ''હું તમને હમણાં બતાવું.'' મંત્રીએ કહ્યું : ''તમે સામેથી આવી રહેલ વ્યક્તિ માટે મનમાં બૂરું વિચારો.'' રાજાએ એ પ્રમાણે વિચાર્યું. એ વ્યક્તિ નજીક આવી એટલે મંત્રીએ તેને બોલાવી અને પૂછ્યું : ''રાજા તરફથી તને અભયવચનન છે. પણ સાચું બોલ, હમણાં તને રાજા માટે શું વિચાર આવ્યો ?'' પેલી વ્યક્તિએ ગભરાતા ગભરાતા કહ્યું : ''ખબર નહિ કેમ! પણ મને રાજાને થપ્પડ મારવાના વિચારો આવ્યા. ખૂબ ગુસ્સો આવ્યો રાજા ઉપર.'' મંત્રીએ તેને જવા દીધો અને બીજી વ્યક્તિ માટે રાજાને સારું વિચારવાનું કહીને એ વ્યક્તિને પણ આ જ પ્રશ્ન કરતા જવાબ મળ્યો : ''આપણા રાજા ખૂબ દયાળુ-ભલા છે. તે દીર્ઘાયુ બને એવા વિચાર આવ્યા.'' આ છે આપણા શુભ-અશુભ વિચારોની તાકાત. સારાંશ એટલો જ કે મનની પવિત્રતા એ ખુશીઓના ખજાનાની ચાવી છે. ચાલો, આ પવિત્રતાની પ્રાપ્તિ માટે આપણે પુરુષાર્થ અને પ્રભુપ્રાર્થનાનું આલંબન લઈએ.

# અસત્ય ઉપર સત્યનો વિજય 'વિજયાદશમી'

નવરાત્રીનો દશમો દિવસ આપણે વિજયાદશમી તરીકે ઉજવીએ છીએ. આ દિવસ એટલે દશેરા, આ દિવસ આપણે વિજયોત્સવ તરીકે ઉજવીએ છીએ. અસત્ય ઉપર સત્યનો વિજય, દંભ અહંકાર ઉપરનો વિજય અધર્મ ઉપર ધર્મનો વિજય. આજના દિવસે આ પાવન વિજયનો ઉત્સવ મનાવાય છે.

પહેલો વિજય માં દુર્ગાનો મહિષાસૂર રાક્ષસ ઉપરનો વિજય. બીજો વિજય પ્રભુ શ્રી રામચંદ્રજીનો રાવણ ઉપરનો વિજય આ બન્ને વિજય આપણને એક જ સંદેશો આપે છે કે બુરાઈ ગમે તેટલી શક્તિશાળી કેમ નહોય ? પરંતુ અંતમાં તે હારી જાય છે.

મહિષાસુરે તપથી એવું વરદાન માંગ્યું હતું કે તે કોઈથી ન મરે... તેથી યુદ્ધ અનિવાર્ય હોય તો સામાન્ય રીતે ચડાઈ કરીને શત્રુનો પરાભવ કરવો એ રણનીતિ છે.

પ્રભુ રામચંદ્રના સમયથી જ આ દિવસ સીમોલ્લંઘનનું પ્રતીક બન્યો છે. શિવાજીએ આજ દિવસે ઔરંગઝેબને ઝબ્બે કરવા પ્રસ્થાન કરી તેને ત્રાહ-ત્રાહ પોકરાવીને હિંદુધર્મનું રક્ષણ કર્યું હતું.

- આ દિવસનું મહત્વ : વ્યવહારની દૃષ્ટિએ વર્ષા ઋતુએ પોતાની માયા સંકેલી લીધી હોય, નવા ધાન્યોનો મોલ ખેતરમાં લહેરાતો જોઈ માનવીનો આનંદ માતો ન હોય. રસ્તા પરનો કાદવ સુકાઈ ગયો હોય, હવામાન અનુકૂળ હોય, આકાશ સ્વચ્છ હોય, નસેનસમાં ઉત્સાહ સમાતો ન હોય ત્યારે જ વિજય



દેવતાઓ ઋષિઓ તેનાથી ત્રાસી ગયા હતા. અંતે 'માં' ની આરાધના કરી તેને પ્રસન્ન કરી તેને મારવાની પ્રાર્થના કરી હતી. નવ દિવસ બન્નેનું સતત યુદ્ધ ચાલ્યું અને દશમે દિવસે માતાજીએ તે મહિષાસુર રાક્ષસનો વધ કર્યો. ત્રણેય લોકમાં માતાજીનો જયજયકાર ગુંજી ઉઠ્યો અને માં ની સ્તુતિ કરી.(ચંડીપાઠ)

- દશેરા એટલે સીમોલ્લંઘન પર્વ :

श्रावणाक्षे तु पूण्या काकुत्स्थः
प्रस्थितो यता....।
उल्लंघयेयु, सीमान्त...
तादिनर्था ततो नरां -(प्रकीर्ण)

ભગવાન રામચંદ્રે શ્રવણ નક્ષત્રમાં દસમીના દિવસે રાવણ વિજય માટે પ્રસ્થાન કર્યું હતું. તેથી તે દિવસે બધા મનુષ્યોએ પ્રગતિના માટે સીમોલ્લંઘન કરવું જોઈએ.

ભારતીય સંસ્કૃતિ વીરતાની પૂજક છે. શૌર્યની ઉપાસક છે. વ્યક્તિ અને સમાજના લોહીમાં તે ગુણ જાય એટલા માટે આપણા પૂર્વજોએ ઉત્સવ રાખ્યો અને તેનું નામ દશેરા. દશેરા એ સીમોલ્લંઘનનું પ્રતીક છે. દશેરાએ વિજયા દશમીના નામે પણ પ્રચલિત છે. વિજય કોને મળે ? યુદ્ધમાં લડે તેને. પાંગળાને નહીં. લડ્યા વગર વિજય શક્ય નથી. તેથી દશેરા એ તો વીરતાનું પર્વ છે. મર્દાંગીનું, સંગ્રામનું સાહસનું પર્વ છે.

દશેરા એ સીમોલ્લંઘનનું પ્રતીક છે પ્રસ્થાન કરવાનું હોય ને ? અને વિશેષતો જગદંબાની ઉપાસના કરી શત્રુને સંહારવાની શક્તિ મેળવી હોય- એ જોમ એ જોશ, અને એ શક્તિ, નસેનસમાં સમાતા ન હોય. ત્યારેજ પ્રસ્થાન કરી દુશ્મન પર ત્રાટકવાનું હોય ને ? અને એનો પરાભવ કરી અઢળક સંપત્તિ લઈ પાછા ફરવાનું રઘુરાજાને પણ સીમોલ્લંઘન કરવાનો પ્રસંગ આવ્યો હતો. રઘુરાજાને ત્યાં વરતંતુનો શિષ્ય કૌત્સ-આશ્રમ માટે ગુરુ દક્ષિણાના રૂપે ચૌદકરોડ સોનામહોર લેવા આવ્યો. વર્ષના વસેલા મેઘની જેમ દાન આપી રઘુરાજા ખાલી થઈ ગયા હતા. રઘુરાજાને લાગ્યું કે વેદ-વિદ્યાવ્રત સ્નાતક, ગુરૂદક્ષિણા માટે આવે અને ખાલી હાથે તેના આંગણેથી પાછો ફરે તો તેની સાત પેઢી લાજે એ અપજશ હું ન લઉં.

રઘુએ કુબેરને જે હંમેશા ધન સંગ્રહીને જ બેઠો છે. તેને સીમોલ્લંઘન કરવાનું 'અલ્ટીમેટમ' આપ્યું. કુબેરે ગભરાઈને શમીના વૃક્ષ પર સોનામહોરોનો વરસાદ કર્યો. શમી વૃક્ષે વૈભવ આપ્યો. તેથી તેનું પૂજન થવા લાગ્યું. પાંડવોએ પોતાના દિવ્યશાસ્ત્રો શમી વૃક્ષ પર સંતાડી રાખ્યા હતા. તેથી પણ તેનું મહાત્મ્ય વધ્યું.

સુવર્ણ મહોરનાં પ્રતીકરૂપે આજે પણ શમીપૂજન કરવામાં આવે છે. જે વૈભવનાં પ્રતીક મનાય છે.

**- ડો. ઉમાકાંત જે. જોષી**

# 'આંતરિક આનંદ અને સંતોષ' સુખની વાસ્તવિક ચાવી

આધુનિક યુગમાં માનવીની દોડ ક્યારેય પૂરી થતી નથી. એક ઇચ્છા પૂરી થાય ત્યાં બીજી નવી ઇચ્છા ઊભી થઇ જાય છે. 'વધુ મેળવવાની ઘેલછા'માં આપણે એ ભૂલી જઈએ છીએ કે અસંતોષ એ તમામ દુઃખોનું મૂળ છે. જીવનમાં ભૌતિક ચીજ વસ્તુઓ ભલે ગમે તેટલી હોય, પણ જો મનમાં 'સંતોષ' ન હોય, તો માણસ હંમેશાં ગરીબ જ રહે છે. શાસ્ત્રો કહે છે તેમ, 'સંતોષો પરમં સુખમ્' (સંતોષ જ સૌથી મોટું સુખ છે).

અસંતોષનો કૂવો અને મનની દોડધામ : આપણે હંમેશાં ભવિષ્યની અપેક્ષાઓમાં વર્તમાનની ખુશીઓને હોમી દઈએ છીએ. 'જ્યારે આ મળશે ત્યારે હું ખુશ થઈશ.' આ માનસિકતા આપણને ક્યારેય વર્તમાનમાં જીવવા દેતી નથી. જ્યારે આપણી ઇચ્છાઓ અમર્યાદ બની જાય છે, ત્યારે મન એક અશાંત ઘોડાની જેમ દોડવા લાગે છે. શાસ્ત્રોમાં આ સંતોષના ગુણને અમૂલ્ય ગણાવ્યો છે.

'નાસ્તિ સંતોષસમં રાજ્ય; નાસ્તિ ત્યાગસમં સુખમ્ ।
નાસ્તિ શાંતિસમાં વિદ્યા, નાસ્તિ તૃષ્ણાધમો રિપુ : ॥''

(અર્થ : સંતોષ જેવું કોઈ ધન નથી, ત્યાગ જેવું કોઈ સુખ નથી, શાંતિ જેવી કોઈ વિદ્યા નથી અને તૃષ્ણા (લોભ) જેવો કંઈ નીચ શત્રુ નથી.)

**૨. સંતોષ એટલે હાર નહીં, પણ જાગૃતિ :** ઘણા લોકો સંતોષનો અર્થ એવો કરી બેસે છે કે મહેનત કરવાનું છોડી દેવું અને નિષ્ક્રિય થઈ જવું. પરંતુ સાચો



સંતોષ એટલે પ્રમાદી બની જવું એમ નહીં, પણ પોતાની મહેનત પૂરી નિષ્ઠાથી કર્યા પછી પરિણામ પ્રત્યે સમભાવ રાખવો. જે મળ્યું છે તેનો આનંદ માણીને કુદરતનો આભાર માનવો અને બિનજરૂરી દોડધામથી મનને મુક્ત કરવું એ જ સાચો સંતોષ છે.

**૩. આત્મિક ધન :** ધન-દોલત કરતાં સંતોષ અને ઇશ્વરીય શાંતિને સર્વોપરી ગણવામાં આવ્યા છે. પણ ભક્તિભાવ સાથેનો સંતોષ એ બહુ મોટો લાભ છે. કેમકે આપણે જગતમાં કંઈ લાવ્યા નથી, અને કંઈ લઈ જઈ પણ શકીશું નહીં.

આ અદભુત શિક્ષણ આપણને યાદ અપાવે છે કે માનવીની સાચી સંપત્તિ તેનું બેંક બેલેન્સ નથી, પણ તેનું શાંત અને સંતુષ્ટ હૃદય છે.

**૪. સંતોષી નર સદા સુખી :** જ્યારે આપણા જીવનમાં સંતોષ આવે છે, ત્યારે ઇર્ષ્યા, સ્પર્ધા અને અસંતુષ્ટિની આગ આપોઆપ ઠરી જાય છે. આપણને નાની-નાની બાબતોમાં પણ ખુશી મળવા લાગે છે- પરિવાર સાથે બેસીને ભોજન કરવું, સવારની તાજી હવા શ્વાસમાં લેવી કે કોઈનું ભલું કરવું- આ બધી જ બાબતોમાં અનહદ આનંદ છુપાયેલો છે.

**આજનું ચિંતન :** આજે તમારી જાતને પૂછો કે શું તમે અનાવશ્યક દોડધામ પાછળ તમારા જીવનની શાંતિ ગુમાવી રહ્યા છો ? જે અત્યારે તમારી પાસે છે, તેના માટે પ્રભુનો આભાર માનો અને સંતોષની પળોને અનુભવો.

**પ્રાર્થના :** હે પરમાત્મા, મને અતિશય લાલસા અને અસંતોષથી મુક્ત કરો. મારા હૃદયમાં પવિત્ર સંતોષ અને શાંતિનો નિવાસ રહે, જેથી હું જીવનની દરેક ક્ષણને આનંદથી માણી શકું.

**- ચંદ્રકાન્ત પથિક**

# હરિપ્રિય ભાવઊર્મિઓ

પ્રભુ-પરમાત્માને પ્રકાશ - તેજ - તેજસ્વિતા પ્રિય છે. આનંદસ્વરૂપ પ્રભુનાં મનોહર પ્રિયભાવો, ભાવઊર્મિઓ અને મધુરભાવો છે - દયાભાવ, કરૂણાભાવ, પ્રેમભાવ અને સમર્પિત ભક્તિભાવ. પરમાત્મા માટે કહેવાયું છે - પ્રભુ દયાનાં સાગર છે, પ્રભુ પાસે સાગર જેટલી વિશાળત દયાભાવના છે - કરૂણાભાવ છે. વળી - પરમાત્મા પાસે પ્રાયશ્ચિત કરેલ માનવ, દોષભાવો સ્વીકારે, ત્યાં દયાભાવે પ્રભુ માનવને પુણ્યશાળી આત્માની જીવનયાત્રા કરાવે છે - પાપો-દોષોનાં પ્રાયશ્ચિતે ! પરમાત્માનું સ્વરૂપ આનંદસ્વરૂપ - શાંત પ્રસન્ન સ્વરૂપ છે. પ્રભુને આનંદ અને પ્રસન્નતા વ્હાલાં અને પ્રિય છે. 'સત્ - ચિત્ત - આનંદ' એ પ્રભુનો પરિપૂર્ણભાવ છે.

હરિકૃષ્ણનો પ્રિયભાવ એ વ્રજની ગોપીઓ સાથેની લીલા છે જ્યાં નિર્મળ, નિજાનંદ પ્રેમભાવ-પ્રેમરસની અનુભૂતિ છે. શ્રી હરિ કૃષ્ણનો વ્રજની ગોપીઓ સાથેનો પ્રકટભાવ 'કૃષ્ણ-ગોપીઓ રાસ-લીલા' છે જે 'હરિપ્રિયા રાસ-લીલા' કે 'કૃષ્ણપ્રિયા રાસલીલા' બને છે, વળી- પ્રભુને સમર્પિત શ્રદ્ધાવાન હરિભક્તો પ્રિય છે માટે સાચાં ભક્તોનું પ્રભુ સ્વયં પ્રકટ થઈ કરુણાભાવે રક્ષણ કરે છે જેના ઇતિહાસનાં પાત્રો ભક્ત નરસિંહ મહેતા અને દ્રૌપદી છે. વિશેષ ટાંકુ તો - જગતમાં જ્યાં જ્યાં સત્યપ્રીતિ, ધર્મપ્રીતિ, પ્રેમપ્રીતિ, ન્યાયપ્રીતિ અને નીતિ છે ત્યાં સત્વગુણોનાં સદ્ભાવે હરિપ્રભુ આનંદે આનંદે પ્રિયભાવો ધારણ કરી સ્થાયી સ્વરૂપે બિરાજે છે.

- પ્રભુ શ્રીરામે શબરીનાં બોર પ્રેમથી મધુરભાવે ગ્રહણ કર્યા એ હરિપ્રિય, પ્રેમભાવ છે.
- શ્રીકૃષ્ણની સખા સુદામા પ્રત્યેની મિત્રતા-બાળદોસ્તી એ હરિપ્રિય કૃષ્ણ-સુદામા સખાભાવ સ્વરૂપે પ્રકટ છે !

**- કમલેશ હરિપ્રસાદ દવે**

# ચાર પ્રકારની મુક્તિ

માનવ જન્મ પ્રાપ્ત કરીને આપણે આત્માને ઓળખી લીધા પછી શું કરવાનું છે ? તો કહી શકાય કે આપણે ફરી જન્મ લેવો ન પડે તે માટે મુક્તિ મેળવવાની છે. હિન્દુ અધ્યાત્મમાં મુક્તિના મુખ્યત્વે ચાર પ્રકાર વર્ણવવામાં આવ્યાં છે.

(૧) સામિપ્ય મુક્તિ (૨) સારુપ્ય મુક્તિ (૩) સાલોક્ય મુક્તિ (૪) સાયુજ્ય મુક્તિ

- સાલોક્ય મુક્તિ : આ પ્રકારની મુક્તિ મેળવવા માટે ભક્તિના પરિપાક રૂપે પ્રભુ મનુષ્યને પોતાના લોકમાં એટલે કે પોતના ધામમાં નિવાસ આપે છે. પ્રભુનો લોક પ્રાપ્ત કરીને મેળવવામાં આવતી મુક્તિને સાલોક્ય મુક્તિ કહે છે.
- સામપ્ય મુક્તિ : આ પ્રકારની ભક્તિના પ્રતાપે મેળવવામાં આવતી મુક્તિને સામિપ્ય મુક્તિ કહે છે. અહિંયા ભગવાન પોતાના ભક્તને પોતાની બહુ નજીક રાખે છે. ભગવાનનું સાનિધ્ય કાયમ ખાતે પ્રાપ્ત થાય છે.
- સારૂપ્ય મુક્તિ : અહિંયા જીવને ભક્તિના ફળ સ્વરૂપે ભગવાન ના જેવું શરીર (વિષ્ણુ ભગવાનની જેમ ચાર ભૂજા) પ્રાપ્ત થાય છે. તેને સારૂપ્ય મુક્તિ કહે છે.
- સાયુજ્ય મુક્તિ : આ પ્રકારની મુક્તિમાં ભક્તિના ફળ સ્વરૂપે જીવ ભગવાનના રૂપમાં સંપૂર્ણ રીતે લીન થઈ જાય છે. ભગવાનમાં સમાઈ જાય છે. જેમ કે દ્વૈતમાંથી અદ્વેત એટલે કે એક થઈ જવું.

અનેક જન્મોના પુણ્ય પછી માનવ દેહ મળે છે. અને માનવ દેહ પ્રાપ્ત કર્યા પછી જન્મ-મૃત્યુના ચક્કરમાંથી મુક્ત થવાનું છે. અને તે માટે ભગવાન પાસે મુક્તિ માંગવી પડે છે. આપણે કઈ મુક્તિ મેળવવી તે આપણા હાથની વાત છે.

પરમ પિતા પરમાત્મા આ સંસારની વિટંબણાઓમાં અને દુઃખોમાંથી અંતેકાળે જીવને તેના કર્મ અનુસાર મુક્તિ પ્રદાન કરે એજ અભ્યર્થના.

**- નૈષધ દેરાશ્રી**



## મીઠી સાકર ને મીઠું મધ...

(ઢાળ : જનનીની જોડ સખી નહીં જડે રે લોલ)
મીઠી સાકર ને મીઠું મધ છે રે લોલ,
તેથી મીઠી છે મારી માત રે...
જનનીની જોડ જગમાં નહિ જડે રે લોલ...
ચોમાસે વરસે ઘડીક વાદળી રે લોલ,
માડીનાં હેત વરસે નિત્ય રે,
જનનીની જોડ જગમાં નહિ જડે રે લોલ...
સૃષ્ટિમાં સગાં છે સૌ સ્વાર્થનાં રે લોલ
એક માત્ર માડી છે નિઃસ્વાર્થ રે...
જનનીની જોડ જગમાં નહિ જડે રે લોલ...
દીકરા કુપાત્ર કદીક થાય છે રે લોલ,
માવડી ન કુપાત્ર કદી થાય રે...
જનનીની જોડ જગમાં નહિ જડે રે લોલ...

## મારું વનરાવન છે રૂડું

મારું વનરાવન છે રૂડું રે વૈકુંઠ ન'ઈરે આવું,
હે નહીં આવું હો નંદજીના લાલ રે વૈકુંઠ ન'ઈ રે આવું.
બેસી રે'વું ને મારે ટગમગ જોવું (૨)
હે... નહીં ખાવું ને નહીં મારે પીવું, હો નંદજીના લાલ રે, વૈકુંઠ...
સ્વર્ગના લોક તો છે અતિ કૂડા (૨)
હો વ્રજના લોક અતિ રૂડા, હો નંદજીના લાલ રે, વૈકુંઠ...
વૈકુંઠમાં એકવાર આવજોને ગોરી, (૨)
તમે રમજો વેણું હું વગાડું, દઈ દાંડિયાના તાલ રે, વૈકુંઠ...
વિમાન મોકલો તો મોકલજો વૈ'લા,
હે હું તો આવીશ સૌની પહેલા, હો નંદજીના લાલ રે, વૈકુંઠ...
નરસૈં મૈં'તાના સ્વામી શામળિયા, (૨)
તમે સાંભળોને સારંગ પાણી, હો નંદજીના લાલ રે વૈકુંઠ...






## આસમાની રંગની ચૂંદડી રે

આસમાની રંગની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે,
માની ચૂંદડી લહેરાય. ટેક.
ચૂંદડીમાં ચમકે તારલા રે, રૂડા તારલા રે, માની ચૂંદડી લહેરાય.
નવરંગે રંગી ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.
ચૂંદડીમાં ચમકે હીરલા રે, રૂડા હીરલા રે, માની ચૂંદડી લહેરાય.
શોભે મજાની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.
ચૂંદડીમાં ચમકે મુખડું રે, રૂડું મુખડું રે, માની ચૂંદડી લહેરાય.
અંગે દીપે છે ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.
પહેરી ફરે ફેર ફુદડી રે, ફેર ફુદડી રે, માની ચૂંદડી લહેરાય.
લહેરે પવન ઊડે ચૂંદડી રે, ઊડે ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.
આસમાની રંગની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.

## કેર કાંટો વાગ્યો

હાં રે રાજ રે! વાવડીનાં પાણી ભરવા ગ્યાં' તા...
મને કેર કાંટો વાગ્યો.
પેલા વડોદરાના વૈદડા તેડાવો, આડા પડદલા બંધાવો,
બાર્યે ઢોલિયા ઢળાવો, મારા કાંટડિયા કઢાવો,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.
ઘરમાંથી રાંધણિયાને કાઢો, ધુમાડે આંખ્યું દુઃખે,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.




## ગરબે ઘૂમે

(રાગ : ગરબે રમે આનંદે રમે આજ નવદુર્ગા)
ગરબે ઘૂમે, રે ગરબે ઘૂમે ર
આજ મારી અંબા ગરબે ઘૂમ
હરખે રમે, મા હરખે રમે રે... આજ
ચાંચરના ચોકમાં, તું ગરબે રે ઘૂમતી
ફુદડી ફરીને મા, તું રાસ રચાવતી
જોઈ જોઈ રાસને હૈયું ઘેલું બને રે... આજ
રાસ નિહાળી દેવો, ભાનને હો ભુલતા
માને ચરણ પડી, માનવ આનંદના
આનંદ આનંદ આજ છાઈ રહે હે... આજ
સોળે કળાએ માતા ત્યાં તો પ્રકાશતા,
સૂર્ય ચંદ્ર ત્યારે આવી બિરાજતા
"રૂપા" હૃદય જોઈ ઘેલું બને રે... આજ
રાસ રમે અંબા, કાળકાને બહુચરી
જ્ઞાની અજ્ઞાની સૌની દૃષ્ટિ ત્યાં ઠરતી
માતા મારી તો કંકુ વેરે... આજ

## સોના વાટકડી રે કેસર ઘોળ્યાં

સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયાં, લીલો છે રંગનો
છોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં,
પગ પરમાણે કડલાં સોહીએ વાલમિયાં (૨) હે... કાંબિયુંની
બબ્બે તારે જોડ રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના.
હાથ પરમાણે ચૂડલો સોહીએ વાલમિયાં, હે... ગુજરીની બબ્બે
તારે જોડ રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના....
ડોક પરમાણે હારલો સોહીએ વાલમિયા (૨) હે... હારલાની
બબ્બે તારે જોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના...
નાક પરમાણે નથણી સોહીએ વાલમિયાં, હે... નથણીની બબ્બે
તારે જોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના...
ભાલ પરમાણે ટીલડી સોહીએ વાલમિયાં, હે... ટીલડીની બબ્બે
તારે જોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના...
કાન પરમાણે વાણિયું સોહીએ વાલમિયાં, હે... વાણિયુંની
બબ્બે તારે જોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના...
અંગ પરમાણે કમખો સોહીએ વાલમિયાં, હે... ચૂંદડીની બબ્બે
તારે જોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના...

## ઓઢણી ઓઢું ઓઢું ને ઊડી જાય

ઓઢણી ઓઢું ઓઢું ને ઊડી જાય, ના...ના... રે રહેવાય,
ના...ના... રે સહેવાય, ના... કોઈને કહેવાય...
હાય હાય... ઓઢણી...
ઓઢણી ઊડે તો ભલે ઊડી જાય (૨) તારું મુખડું મલકાય, તારું
જોબન છલકાય, મારા હૈયામાં કંઈ કંઈ થાય... ઓઢણી...
ઓ... રે... ઓ... ઓલી વીજળી કરે ચમકાર,
હાય... હાય... (૨) વારંવાર વારંવાર
અરે હો રે (૨) ઈ તો હેડાંના સાંધે તાર,
હાય... હાય... હાય... નમણી નાર... ઓઢણી...
હે મારું મનડું મુંઝાય, કેવી લાગી રે લ્હાય,
ના ના રે બુઝાય હાય... હાય... ઓઢણી...

## ઢોલીડા ઢોલ ધીમે વગાડ ના

ઢોલીડા ઢોલ ધીમે ધીમે વગાડ ના, ધીમે વગાડ ના, રઢિયાળી રાતડીનો જોજે
રંગ જાય ના... ટેક
ધ્રુજે ના ધરણી તો રમઝટ કહેવાય ના, રમઝટ કહેવાય ના... રઢિયાળી...
પૂનમની રાતડી ને આંખડી ઘેરાય ના આંખડી ઘેરાય ના... રઢિયાળી...
હો... ઓ... ચમકતી ચાલ અને ઘૂઘરી ઘમકાર, નુપૂરના નાદ સાથે તાળીઓના
તાલ... ગરબામાં ઘૂમતાં માને કોઈથી પહોંચાય ના, કોઈથી પહોંચાય ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ ધીમે...
હો... ઓ વાંકડિયા વાળ અને કેશકલાપ, મોગરાની વેણીમાં શોભે ગુલાબ,
નીરખું નીરખું ને મારું મનડું ધરાય ના, મનડું ધરાય ના, રઢિયાળી રાતડીનો
જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ ધીમે...
હો... ઓ સોળે શણગાર સજી અકની પર આઈ, રમવાને રાસ આવ્યાં,
અલબેલી માંય, આછી આછી ઓઢણીમાં રૂપ માનું માય ના, તેજ માનું માય ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ ધીમે...



# ગર્ભ સ્તુતિ

શ્રીમદ્ ભાગવતજીના તૃતિય સ્કંધમાં કપિલ નારાયણ ભગવાન દેવહુતિ માતાજીને જે જ્ઞાનોપદેશ કરે છે તે કપિલ ગીતાના નામે પ્રસિદ્ધ છે. જેમાં સાંખ્યના વિષયમાં, ભક્તિના વિષયમાં તેમજ જીવ માતાના ઉદરમાં આવે છે ત્યારે તેની શું સ્થિતિ થાય છે એનું નિરુપણ કર્યુ છે. જીવ માતાના ઉદરમાં કષ્ટ પામે છે. એમાંથી મુક્ત થવા માટે જીવ ભગવાનની સ્તુતિ કરે છે જે ગર્ભ સ્તુતિના નામે પ્રસિદ્ધ છે. આ ગર્ભસ્તુતિ શ્રીમદ્ ભાગવતજીના ત્રીજા સ્કંધના એકત્રીસમાં અધ્યાયમાં વર્ણવી છે.

જીવ કહે છે કે, - ભગવાન શરણે આવેલા આ નાશવંત જગતના રક્ષણ માટે જ અનેક પ્રકારનાં રૂપ ધારણ કરે છે; તેથી હું પણ ભૂતલ પર વિચરણ કરનારાં તેમનાં જ નિર્ભય ચરણકમળોનું શરણ લઉં છું. હું ઘણો અધમ છું; ભગવાને મને આ પ્રકારની જે ગતિ બતાવી તે મારે લાયક જ છે. જે હું (જીવ) આ માતાના ઉદરમાં શરીર, ઈન્દ્રિયો અને અંતઃકરણરૂપી માયાનો આશ્રય લઈને,પુણ્ય-પાપરૂપી કર્મોથી આચ્છાદિત રહેવાને કારણે બંધાયેલા જેવો છું તે જ હું અહીં પોતાના સંતપ્ત હૃદયમાં પ્રતીત થનારા તે વિશુદ્ધ, અવિકારી અને અખંડ બોધસ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરુ છું. હું વાસ્તવમાં શરીર વગેરેથી રહિત હોવા છતાં પણ ભૌતિક શરીરથી સંબંદ્ધ છું અને તેથી ઈન્દ્રિયો, ગુણો, શબ્દ વગેરે વિષયો અને ચિદાભાસ રૂપ જણાઈ આવું છું. તેથી આ શરીર વગેરેના આવરણથી જેમનો મહિમા કુંઠિત થયો નથી તે પ્રકૃતિ અને પુરુષના નિયંતા સર્વજ્ઞ પરમપુરુષની હું વંદના કરું છું. તેમની માયાથી પોતાના સ્વરૂપની સ્મૃતિનો નાશ થઈ જવાને કારણે આ જીવ અનેક પ્રકારના સત્ત્વ વગેરે ગુણો અને કર્મોના બંધનથી બંધાયેલો આ સંસાર-માર્ગમાં જાત-જાતનાં કષ્ટો સહન કરતો ભટકતો રહે છે; તેથી તે પરમપુરુષ પરમાત્માની કૃપા વિના અન્ય ક્યા ઉપાયથી આ જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન થઈ શકે!? મને આ જે ત્રિકાળ-જ્ઞાન થયું છે તે પણ તેમના સિવાય અન્ય કોઈએ આપ્યું નથી. કારણ કે, સમસ્ત પ્રાણીઓમાં એકમાત્ર તેઓ જ તો પોતાના અંશથી અંતર્યામીરૂપે વિદ્યમાન છે. તેથી જીવરૂપી અમે પોતાના ત્રિવિધ તાપોનું શમન કરવા માટે તેમની જ ભક્તિ કરીએ છીએ.

હે ભગવાન ! આ શરીરધારી જીવ બીજા શરીરના ઉદરમાં મળ, મૂત્ર અને રક્તના કૂવામાં પડેલો છે, તેની જઠરાગ્નિથી તેનું શરીર અત્યંત સંતપ્ત થઈ રહ્યું છે. તેનાંથી નીકળવા ઈચ્છતો તે પોતાના મહિના ગણી રહ્યો છે. હે પ્રભુ ! હવે આ દીનને અહીંથી બહાર ક્યારે કાઢવામાં આવશે ? હે સ્વામી ! તમે ઘણા દયાળુ છો. આપના જેવા ઉદાર પ્રભુએ જ આ દસ માસના જીવને આવું ઉત્કૃષ્ટ જ્ઞાન આપ્યું છે ! હે દીનબંધુ ! આપે કરેલા ઉપકારથી જ આપ પ્રસન્ન

**આ ગર્ભસ્તુતિ શ્રીમદ્ ભાગવતજીના ત્રીજા સ્કંધના એકત્રીસમાં અધ્યાયમાં વર્ણવી છે**

થાઓ કારણ કે, આપને હાથ જોડવા સિવાય આપના આ ઉપકારનો બદલો તો કોઈ ન આપી શકે!! પ્રભુ ! સંસારના આ પશુ-પક્ષી વગેરે અન્ય જીવો તો પોતાની મૂઢ બુદ્ધિ અનુસાર પોતાના શરીરમાં થનારાં સુખ-દુઃખ વગેરેનો જ અનુભવ કરે છે પરંતુ, હું તો આપની કૃપાથી શમ-દમ વગેરે સાધનોથી સંપન્ન શરીરવાળો થયેલો છું; તેથી આપની આપેલી વિવેકબુદ્ધિથી આપ પુરાણપુરુષનો, પોતાના શરીરની બહાર અને અંદર, અહંકારના આશ્રયભૂત આત્માની જેમ, પ્રત્યક્ષ અનુભવ કરું છું. હે ભગવાન ! અત્યંત દુઃખથી ભરેલા આ ગર્ભાશયમાં જોકે હું ઘણા કષ્ટપૂર્વક વસી રહ્યો છું તો પણ આમાંથી બહાર નીકળીને સંસારમય અંધારા કૂવામાં પડવાની મને બિલકુલ ઈચ્છા નથી કારણ કે, તેમાં પડનારા જીવને આપની માયા ઘેરી લે છે, જેને કારણે શરીરમાં તેની અહંબુદ્ધિ થઈ જાય છે અને તેના પરિણામે તેણે ફરીથી આ સંસારચક્રમાં જ ફસાવું પડે છે. તેથી હું વ્યાકુળતા છોડીને, હૃદયમાં શ્રીવિષ્ણુ ભગવાનના ચરણોને સ્થાપિત કરીને પોતાની બુદ્ધિની સહાયથી જ પોતાને સત્વરે આ સંસારરૂપી સમુદ્રને પાર ઉતારી દઈશ કે જેથી મને અનેક પ્રકારનાં દોષોથી યુક્ત આ સંસારદુઃખ ફરીથી મળે નહીં.

કપિલ નારાયણ ભગવાન કહે છે કે, આ પ્રમાણે શુદ્ધબુદ્ધિવાળો તે જીવ ગર્ભમાં જ આ પ્રમાણે વિવેકસંપન્ન થઈને ભગવાનની સ્તુતિ કરે છે અને ફરીથી આ સંસારચક્રમાં પોતાના પૂર્વ-કર્મો અનુસાર પોતાના નવજીવનની શરૂઆત કરે છે.

**- પ્રજ્ઞાચક્ષુ ડો. કૃણાલ જોષી**

# બુદ્ધિ ગીરો મૂકવાની વિધિ વિધાન છે

તમો જેવું બીજા સાથે વર્તન વ્યવહાર કરશો તેવાજ તમો થઈને રહેવાના તેમાં કોઈ શકા જ નથી. આમ વિચાર જ માણસનું ઘડતર કરે છે, જેવું વિચારશો તેવા જ તમો થઈને રેવાનાજ આમ વિચાર જ ઘણો મહત્વનો છે, કારણ કે તમો જેવું વિચારશો તેવા જ તમો બની રહેશો, વિચાર જ તમોને બનાવે છે, પરિવર્તિત કરે છે, બીજા કોઈ તમોને બનાવતા જ નથી, એટલું સ્પષ્ટ જાણો એટલે બીજાને સાંભળીને તમારું પરિવર્તન થાય કે કોઈના સંમોહનમાં આવી ને તમારું પરિવર્તન થાય તેમાં માલ નથી, આ ધ્રુવ સત્ય છે.

**શાસ્ત્રોમાં અમુક વાત છે કથાકારો અમુક વાતો કરે છે, તે સત્ય છે તેમ તો કદી પણ માનશો જ નહીં. બીજો માણસ આમ કહે છે, માટે છે, એમ પણ માનશો જ નહીં**

એટલે તમોને બીજો કોઈ સુધારી દેશે તેમાં માલ નથી, એટલે કોઈના પણ સમોહનમાં ફસાવું નહિ તેતો પરતંત્રતા છે, આપણી બુદ્ધિ ગીરો મૂકવાની વિધિ વિધાન છે, અને પરતંત્રતા એજ દુખ છે. તમો જો આત્મિક સ્વરૂપ થઈને જીવશો તો તમારું સમગ્ર જીવન સત્ય સ્વરૂપ બની જ રહેવાનું એ આ જગતનું ધ્રુવ સત્ય છે. આ સત્યને હૃદયથી જાણી ને જીવો તેમાં જ સુખ અને શાંતિ અને આનંદ રહેલા છે, તમારા આત્માને પ્રસન્નચિત્તે જાણી આત્માના અવાજ પ્રમાણે જીવ્યે જાવ એજ સત્ય ધર્મ છે.

આમ આપણાં હૃદયમાંથી નીકળેલી કોઈ પણ ખરાબ ભાવનાનો અંશે અંશ પૂરા બળથી તમારી પાસે આવવાનો જ તેને આ જગતમાં કોઈ રોકી શકે તેમ નથી, એટલે જ માણસે પોતાના સમગ્ર જીવનમાં આત્મિક સત્ય સ્વરૂપ થઈને જીવવાનું મહત્વ છે, તે બીજા માટે હરગિજ નહીં પણ પોતાના માટે જરૂરી છે, આવું જ આપણાં બધા જ વર્તન વ્યવહારનું છે, આ સિધ્ધાંત અનુસાર આ સૃષ્ટિમાં કોઈનો પણ શાશ્વત પ્રગતિનો સિધ્ધાંત ટકી શકે તેમ નથી. માટે જ અહંકારથી મુક્ત થવાનું મહત્વ છે.

તમારા પોતાના આત્મિક પુરુષાર્થ થી તમારા અંતરમાંથી આત્મામાંથી સત્યને શોધી કાઢો એનું નામ જ જાણીને ચાલવાનું છે. અનુભવ પ્રાપ્ત કરવાનો છે એનું નામ જ સત્યનો માર્ગ છે, આ માર્ગે જ તમારી પ્રગતિ રાહ જોવે છે, આમ સત્યને પ્રાપ્ત કરવાનો એટલે સત્ય સ્વરૂપ પ્રગતિનો સત્યનો માર્ગ છે. આ માર્ગે ચાલો ક્યાંય અથડાય પડશો જ નહિ, અને પ્રગતિ કરી જ શકશો, સત્ય જ જીતે છે, અસત્ય સદાય હારે જ છે, અસત્ય જીતતું લાગે તેતો આભાસ હોય છે.

**- તત્વચિંતક વિ. પટેલ**

# નવરાત્રિ અને નવપદ : આરાધના અને ઉપાસનાનું પર્વ છે, વિરાધના અને વાસનાનું પર્વ નથી

## આંખ છીપ, અંતર મોતી

**આચાર્ય રાજહંસ**

જંગલમાં ઠેર-ઠેર હાથી ઘોડા-ઊંટ-ગાય-ભેંસ-બકરી- હંસ- ચકલી-મોર વગેરે પડ્યા હતા. અર્થાત્ પાંદડામાં કોતરાયેલા હાથી-ઘોડા વગેરે હતા. અથવા તો એમ પણ કહી શકાય કે હાથી-ઘોડા વગેરે કોતરાયેલા હોય એવા પાંદડા ઠેર-ઠેર પડયા હતા.

આબેહૂબ હાથી-ઘોડા જેવી કોતરણી આ પાંદડાઓમાં હતી. જોનારા બંને જણા આ પાંદડા જોઈને આફ્રીન પોકારી ઊઠ્યા.. આવી અદ્ભુત કળા આજ પહેલાં ક્યારેય જોવામાં આવી ન હતી. કોઈક અદ્ભુત કલાકાર જ આવી કલાકારીગરી કરી શકે. પણ અહીં આ જંગલ જેવા વાતાવરણમાં એ કલાકાર શું કરતો હશે ? આવી કલા અહીં વેર-વિખેર કેમ હશે ? આ વિચારણા સાથે એ બે ય દ્રષ્ટા આગળ વધ્યા.

ત્યાં આસપાસના વૃક્ષોમાં રહેલા લીલા પાંદડા પણ આવી કલાકૃતિ સભર હતા. અનેક વૃક્ષોના પાંદડા આવી કલાકૃતિવાળા જોયા પછી એમને વિચાર આવ્યો.- 'શું આ વૃક્ષોના પાંદડા જ આવા હશે ?' બંને જણાએ એ વિચાર એકબીજા આગળ રજૂ કર્યો.

વાતની ખાતરી કરવા તેમણે વૃક્ષો બરાબર જોયા તપાસ્યા બધાં જ પાંદડા આવી કલાકૃતિ સભર ન હતા. પણ કેટલાક પાંદડા જ આવી કલાથી સુંદર બનેલા હતા.

'તો શું જીવાતોએ આ કલા કરી હશે ?' આ વિચારણા પછી બરાબર ધારી ધારીને જોવાથી ખ્યાલ આવ્યો કે આ કલા કોઈ જીવાતોની નથી.. પણ કોઈક માણસની જ છે... કોઈક માણસે જ આ બધી કલાકૃતિઓ ઉભી કરી છે. પણ ત્યાં કોઈ માણસ નજરે ચડ્યો નહીં.

હવે આ બંનેએ આ જંગલમાં માણસની શોધ આદરી. કહે છે કે શોધવાથી તો ભગવાન પણ મળી જાય. તો માણસ શું ચીજ છે. એ કેમ ના મળે ? અને આખરે એક માણસ મળી ગયો. એક નાનું ઝુંપડાં જેવું રહેવાનું સ્થળ હતું. અને બહારનો ચોગાન હરવા-ફરવા-બેસવા માટે સાફ કરેલો હતો.

આગંતુક વ્યક્તિએ તેનું નામ અને અહીં રહેવાનું જીવવાનું પ્રયોજન પૂછ્યું.

જંગલ-નિવાસી વ્યક્તિએ પોતાની નિષાદરાજના પુત્ર તરીકેની ઓળખાણ આપતા કહ્યું- 'હું અહીં ધનુષ્ય-વિદ્યા શીખવા માટે રહ્યો છું. દુનિયાનો અગ્રિમ હરોળનો ધનુર્ધર બનવાનો મારો પ્રયત્ન મારા ગુરૂદેવના પરમ આશીર્વાદથી પ્રગતિના પથ પર છે ?

'તારા ગુરૂ કોણ છે ? અને ક્યાં છે ?' આગંતુકે પ્રશ્ન યુગલની ભાષામાં બીજો પ્રશ્ન પૂછ્યો...

'મારા પૂજયપાદ એ ગુરૂદેવનું નામ છે- દ્રોણાચાર્યજી અને તેઓ મારા ચોગાનમાં બિરાજમાન છે.' આ રહ્યા..' કહીને તેણે એક મૂર્તિ તરફ ઇશારો કર્યો.

આગંતુક બંને વ્યક્તિ તેની તરફ અને તે મૂર્તિ તરફ જોતાં જ રહી ગયા. આ બંને આગંતુક વ્યક્તિમાં એક હતા. દ્રોણાચાર્યજી અને બીજા હતા. શ્રેષ્ઠ ધનુર્ધર અર્જુન..

અહીં પ્રસિદ્ધ પ્રસંગ એવો આવે છે કે એક ભસતા કૂતરાનું મોં બાણથી ભરી દે છે અને આ દ્રશ્ય જોઈને અર્જુન અને દ્રોણાચાર્યજી એ વ્યક્તિને મળે છે. જેને દુનિયા એકલવ્ય તરીકે ઓળખે છે.

અહીં એક ગ્રંથ છે- 'ઉપદેશ-પ્રાસાદ'. આચાર્ય શ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મહારાજાએ બનાવેલ આ ગ્રંથમાં ૩૬૦ પ્રવચનો-વ્યાખ્યાનો આખ્યાનો છે. જેમાં ૧૮૭માં દિવસના પ્રવચનમાં આ એકલવ્યની વાર્તા છે.

'ગુજરાત વિદ્યાપીઠ- અમદાવાદ' દ્વારા પ્રકાશિત જોડણીકોશ મધ્યે એકલવ્યની ઓળખમાં જણાવ્યું છે કે તે નિષાદરાજનો પુત્ર છે. તો દ્રોણાચાર્ય અને અર્જુનના મિલન પછી એ એકલવ્ય તરીકે પ્રસિદ્ધિને પામે છે. એવું વિધાન ઉપદેશ પ્રાસાદ નામે મહાગ્રથમાં છે.

અહીં એકલવ્યની આ કળા જોયા પછી અર્જુન ગુરૂ દ્રોણાચાર્યને કહે છે - આપે મને સર્વશ્રેષ્ઠ ધનુર્ધર બનાવવાની ઇચ્છા દર્શાવી હતી. પણ મને એમ લાગે છે કે આપના આશિર્વાદ અહીં વળી ગયા છે.'

ગુરૂ દ્રોણાચાર્ય કહે છે- 'વત્સ ! આના દ્વારા એક બોધ અહીં શીખવા જેવો છે- વ્યક્તિ કરતાં પણ તેની મૂર્તિ શક્તિશાળી સાબિત થઈ છે. ભગવાન જે ન આપી શકે તે ભગવાનની મૂર્તિ આપી દે છે. મૂર્તિમાં ભગવાન બમણી તાકાત લઈને બેઠા હોય છે. મૂર્તિને ક્યારેય ઓછી ના આંકતો... મૂર્તિપૂજા પણ જીવંત પૂજા છે.'

તે પછી અર્જુનનું મન મનાવવા કપટથી ગુરૂ દ્રોણાચાર્ય એકલવ્ય પાસે ગુરૂદક્ષિણામાં જમણા હાથનો અંગૂઠો માંગે છે. અને સહર્ષ પોતાનો અંગૂઠો કાપીને એકલવ્ય આપી દે છે...

જે એકલવીર છે અને એકલવ્યથી આગળ વધે છે, તે જ એકલવ્ય બને છે.

### પ્રભાવના

'ઉપદેશપ્રાસાદ' નામે ગ્રંથમાં ચૈત્ર સુદ-૧ થી વાર્તા-પ્રવચનની શરૂઆત થાય છે. એટલે નવપદનો પ્રારંભ દિવસ ૧૮૭મો આવે છે. જેમાં ભગવાનની ભક્તિ કરવાની વાત જણાવતાં ગ્રંથકાર કહે છે કે આ ઓળીના દિવસોમાં દેવો-ઇન્દ્ર પણ ભગવાનના જિનાલયમાં જઈને ભગવાનની મૂર્તિની પૂજા-ભક્તિ કરે છે. એકલવ્યની જેમ એકલક્ષ્ય સાથે આગળ વધવું જોઈએ.

આ નવરાત્રિના અને નવપદના દિવસો આરાધના અને ઉપાસનાના દિવસો છે. એને વિરાધના અને વાસનામાં ફેરવવાનું ઘોર મહાપાપ ક્યારેય ના કરતા.

# ભગવાનના મસ્તિષ્કને બદલે ચરણયુગલને શા માટે નમસ્કાર?

કોઈ વિરાટ સાગરને પાર કરવાનો હોય અને એ માટે નાનીશી હોડી આપણી પાસે હોય, ત્યારે કેવો અનુભવ થાય ? પહેલી નજરે તો એમ લાગે કે આ એક અશક્ય કાર્ય છે, પછી એમ થાય કે આ તો અતિ દુષ્કર અને ભગીરથ કાર્ય છે અને પછી મનમાં વિકલ્પ જાગે કે આ નાનકડી નાવથી આખોય દરિયો પાર થઈ શકશે ખરો ?

શ્રી ભક્તામર સ્તોત્ર વિશે જ્યારે જ્યારે કંઈ પણ લખવાનું બન્યું છે, ત્યારે સદૈવ મનમાં એક વિરાટ પડકારનો અનુભવ થયો છે. એમ થાય કે આ મંત્રની ગહનતામાં, વ્યાપકતામાં, વૈજ્ઞાનિકતામાં અને યોગસાધનામાં ઉતરીએ તો કદાચ એ ખેપ ક્યારે પૂરી થાય એનો કોઈ ખ્યાલ આવતો નથી. આમ છતાં એની એક બે ગાથાનો મર્મ પામવાનું દુઃસાહસ કરવાના હેતુથી આ મહામંત્રના પ્રથમ શ્લોકની માત્ર પ્રથમ બે પંક્તિ પર દૃષ્ટિપાત કરીએ.

ભક્તામર-પ્રણત-મૌલિ-મણિ-પ્રભાણા-
મુદ્યોતકં દલિપ-પાપ-તમો-વિતાનમ્ ।

આ બે પંક્તિમાં તીર્થંકર શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ કરતાં એટલું જ કહ્યું છે કે એ શ્રી આદિનાથ ભક્તિવંત દેવતાઓના અતિ નમેલા મુગટોના મણિઓની કાંતિને ઉદ્યોત કરનાર અને પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર છે.

આમ તો શ્રી ભક્તામર સ્તોત્રના પ્રથમ બે શ્લોક પ્રભુસ્તુતિથી મંગલાચરણ કરે છે. 'ભક્તામર' શબ્દથી આ મંગલાચરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શ્લોકના આ પ્રારંભના શબ્દના નામે સમગ્ર મંત્ર ઓળખાય છે. અહીં ભક્તની વાત છે અને એ જ એની વિશેષતા છે. સામાન્ય રીતે મંત્રોનો પ્રારંભ કોઈ મંગલ ઉચ્ચારણ કે પ્રભુનામથી થતો હોય છે, જ્યારે ભક્તામર સ્તોત્રનો પ્રારંભ એની આગવી વિશેષતા ધરાવે છે અને તેમાં ભક્તહૃદયની થઈ રહેલી અગ્નિપરીક્ષાનો સંકેત છે. ભક્તિની શક્તિનો ચમત્કાર છે. ચમત્કાર એટલે કોઈ આશ્ચર્યજનક ઘટના નહીં, બલ્કે ભાવ અને ભાવનાના ગાઢ અને સાતત્યપૂર્ણ પ્રયાસનું પરિણામ છે. દુર્ભાગ્યે શ્રી ભક્તામર સ્તોત્રના ચમત્કારનો અતિ મહિમા થયો અને એનું ગર્ભિત રહસ્ય ભૂલાઈ ગયું. ખરેખર તો એના પ્રત્યેક શબ્દમાં ગૂઢ રહસ્ય રહેલું છે.

**આકાશની ઓળખ**

**કુમારપાળ દેસાઈ**

ક્યા ભક્તની વાત છે અહીં ? ઉત્કૃષ્ટ વ્યક્તિની ભક્તિની આ વાત છે. માનવની નહીં, પણ અમર એવા દેવો પણ એમની સ્તુતિ કરે છે. તીર્થંકર ભગવાનની સ્તુતિ ઇન્દ્ર પણ કરે છે, જેને શક્રસ્તવ કહે છે. આ રીતે પ્રભુસ્તુતિ સાથે દેવેન્દ્રનું નામ સંકળાયેલું છે. આવા ભક્ત દેવોના વિશેષ નમેલા મુક્ટોના મણિઓની કાંતિનો ઉદ્યોત કરનારા તરીકે ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે.

આ પ્રથમ પંક્તિની કલ્પના અને ગહનતા તો જુઓ ! એની કલ્પના એવી છે કે તીર્થંકર ભગવાન આદિનાથનાં ચરણોમાં સૌ ધર્મેન્દ્ર આદિ દેવતાગણ નમસ્કાર કરે છે, ત્યારે ઇન્દ્રના મુગટમણિનાં કિરણો પ્રભુનાં ચરણોમાં પથરાય છે. આનો અર્થ એ કે ભગવાનના અંગૂઠાના નખનો પ્રકાશ ઇન્દ્રના મુકુટ પર પડે છે. કેવી સૂક્ષ્મતાથી એ દર્શાવી દીધું છે કે ઇન્દ્રના મુગટમણિના પ્રકાશ કરતાં પ્રભુના અંગૂઠાનાં નખના પ્રકાશનો વિશેષ મહિમા છે. આ રીતે ઇન્દ્રના મુકુટમણિનો



પ્રકાશ ભગવાનના ચરણોમાં પડ્યો એમ કહેવામાં કેટલુંબધું ઔચિત્ય રહેલું છે. ભગવાનની મહત્તા અને ઇન્દ્રનું સ્થાન બંને આમાં તાદૃશ્ય થઈ જાય છે.

ભગવાનના અંગૂઠામાંથી પડતો પ્રકાશ કોને પ્રકાશિત કરે છે ? પેલા મુગટમાં રહેલા મણિને. આ મણિ સાથે ઇંદ્રનો સબંધ જોવા જેવો છે. મણિ પોતે સ્વયં પ્રકાશિત છે. એ પોતાની આસપાસ તેજ પાથરે છે, છતાં એવા મણિને પણ પ્રભુનાં નખનો પ્રકાશ પ્રકાશિત કરે છે. સામાન્ય ઘટના એવી હોય કે અંધકાર ઉપર અજવાળું આવે એટલે તે પ્રકાશિત થાય. અહીં તો જે પ્રકાશિત છે, તેને વિશેષ પ્રકાશિત કરવામાં આવે છે.

આ જ તીર્થંકરનો વિરલ મહિમા છે અને એ માત્ર એક જ ઉપમા દ્વારા પ્રગટ કર્યો છે. એ પણ સાચું છે કે ઇન્દ્ર સાથે પણ કેટલીક બાબતો જોડાયેલી છે. એ દેવરાજ હોય તે ખરું, એ અમર હોય છે તે પણ સાચું, પરંતુ એમનામાં મોહરૂપી અંધકાર, કામ કે ક્રોધ વસેલા હોય છે, આથી એ શક્તિમાન હોવા છતાં એનો પૂર્ણ આંતરવૈભવ અપ્રકાશિત હતો તે પ્રભુના અંગૂઠાના નખના પ્રકાશથી પ્રકાશિત થાય છે.

એ પછી બીજી પંક્તિમાં પાપરૂપી અંધકારના સમૂહને નષ્ટ કરનાર તરીકે તીર્થંકર શ્રી ઋષભદેવની ઓળખ આપવામાં આવી છે. અર્થાત્ એ પવિત્ર ચરણો ઉદ્યોત કરનાર છે અને પાપનાશક છે.

પ્રકાશ અને પાપ એ બે કેવા સામસામે છે. એક બાજુથી એ પ્રકાશ આપે છે, તો બીજી બાજુથી પાપમોચન કરે છે. જૈનદર્શનમાં પાપકર્મની ઘણી ગહન ચર્ચા થયેલી છે. એ પાપકર્મોનાં આંશિક કર્મક્ષય માટે નિર્જરા શબ્દ પ્રયોજાય છે અને તેના અકામ નિર્જરા અને સકામ નિર્જરા એવા બે પ્રકાર છે. પાપની કુલ સંખ્યા ૧૮ છે. જેમાં (૧) જીવહિંસા (૨) અસત્ય બોલવું, (૩) ચોરી કરવી, (૪) વિષય સેવવો, (૫) પરિગ્રહ કરવો, (૬) ક્રોધ કરવો, (૭) અહંકાર (૮) કપટ, (૯) લોભ, (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ કરવો, (૧૩) કોઈ પર આળ ચડાવવું, (૧૪) ચાડી ખાવી, (૧૫) રતિ હોવી, (૧૬) માયામોષ (કપટયુક્ત ચોરી), (૧૭) ભાવપાપ (ખરાબ ધર્મમાં આસ્થા રાખી હિંસા વગેરે ખરાબ ભાવો આચરવા), (૧૮) દ્રવ્યપાપ એટલાનો સમાવેશ થાય છે.

આમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના ચરણયુગલ પાપરૂપી અંધકારનો નાશ કરે છે એમ કહ્યું. પણ 'ચરણ યુગલ શા માટે ? એમનું મસ્તક કેમ નહીં ?

એ સાચું છે કે ભારતીય સંસ્કૃતિની પરંપરામાં આદરના સૂચક તરીકે ચરણસ્પર્શનો મહિમા છે. સામાન્યજન સંતને ચરણસ્પર્શ કરે છે, શિષ્ય ગુરુને ચરણસ્પર્શ કરે છે, પુત્ર પિતાને ચરણસ્પર્શ કરે છે અને આદરના પ્રતીકરૂપે તથા પોતાની નમ્રતાના પ્રાગટ્યરૂપે પોતાનાથી વય કે વિદ્વત્તામાં ચડિયાતી વ્યક્તિને ચરણસ્પર્શ કરવામાં આવે છે. એવી ભક્તિભાવપૂર્ણ વિનમ્રતા પ્રગટ કરવા માટે શ્રી આદિશ્વર ભગવાનના ચરણયુગલને નમસ્કાર કરે છે.

એ ચરણયુગલ કેવાં છે ? પ્રથમ તો ભક્તદેવોના વિશેષ નમેલા મુગટોના મણિઓની કાંતિનો ઉદ્યોત કરનારા એટલે કે જેને દેવોએ પોતાનું મસ્તક અત્યંત ભાવપૂર્વક નમાવીને પ્રણામ કર્યા છે તેવાં છે. બીજી વાત એ છે કે આ ચરણયુગલ પાપરૂપી અંધકારનો નાશ કરનારા છે. આનું કારણ છે કે ભગવાન ઋષભદેવે ભોગભૂમિ સમાન પૃથ્વીને ધર્મભૂમિ સમાન બનાવી હતી. પૃથ્વીના પ્રથમ રાજવી તરીકે એમણે એકલવાયું જીવન ગાળતી મનુષ્યજાતિને પરિવાર આપ્યો. કૌટુંબિક સબંધોની મજબૂત ગૂંથણી કરતો સમાજ આપ્યો. ભિન્ન ભિન્ન કલાઓ શીખવી અને લોકજીવનને સુવ્યવસ્થિત કર્યું. આથી અંધકારમય માનવજીવનને એમણે કર્મનિષ્ઠ, સત્યનિષ્ઠ અને કુટુંબનિષ્ઠ બનાવ્યું.

(ક્રમશઃ)

# મંત્રીના રહસ્ય ઉદ્‌ઘાટનથી રાજાને આશ્ચર્ય

જીતશત્રુ અને સુબુદ્ધિ મંત્રીની સવારી જે રસ્તા પરથી પસાર થઈ રહી હતી તે રસ્તામાં એક ગંદુ નાળું આવ્યું. તે નાળાના કોહવાઈ ગયેલા પાણીમાં ગંદકીને કારણે બદબૂ આવતી હતી. રાજા ખિન્ન વદને મંત્રીને કહે છે કે, અરે મંત્રીવર, આપણે તો સુંદર વાતાવરણ માટે સહેલ કરવા નીકળ્યા છીએ અને તમે ક્યાં આ દુર્ગંધ ભરેલા ગંદા નાળા પાસે લઈ આવ્યા ?' મંત્રી કહે, 'રાજા, ધીરજ ધરો. હમણાં બે-ત્રણ મિનિટમાં તો આ રસ્તો પસાર થઈ જશે, પછી ખુલ્લી ઉપવનની જગ્યા આવે છે.' રાજા કહે, 'ભાઈ, અહીં તો અસહ્ય દુર્ગંધ છે. એક ક્ષણ પસાર કરવી પણ મુશ્કેલ છે.' રાજાએ નાક પર રૂમાલ રાખ્યો પણ તેમાંથી પસાર થઈને નાકમાં દુર્ગંધયુક્ત હવા પહોંચી જાય છે. રાજા ત્રાસીને કહે છે, 'મંત્રી, તમને તો ખબર હતી કે રસ્તામાં આવું ભયંકર ગંદુ નાળું આવનાર છે તો આ જ રસ્તો કેમ લીધો ? મંત્રી કહે, 'રાજન ! સડન, પડન અને ગલન તો પુદ્‌ગલનો સ્વભાવ છે. તેનાથી આટલું દુઃખી થવાની જરૂર નથી. રાજા કહે, 'આવું ભયંકર ગંદુ સડેલું પાણી શું સાફ થઈ શુદ્ધ થવાની કોઈ શક્તા છે ?' વાતચીતમાં કાફલો ઉપવનમાં પહોંચી જાય છે અને થોડી સેર કરીને રાજા મહેલમાં પરત પહોંચે છે. મંત્રી ચતુર અને બુદ્ધિશાળી. રાત્રે તે વિચારે છે કે, 'રાજા એમ માનશે નહીં કે પુદ્‌ગલનું વિભિન્ન સ્થિતિમાં પરિણમન થાય છે. મંત્રીશ્વરે એ ગંદા નાળાના પાણીથી ભરેલા પાણીના બે ઘડા પોતાના ઘરે મંગાવ્યા, પાણીની શુદ્ધિકરણ કરવાની પ્રક્રિયા શરૂ કરી.'

પહેલાના સમયમાં પાણીને શુદ્ધ કરવા માટેના કેઈ પ્લાંટ, સોફ્ટ વોટર પ્લાંટ કે ફિલ્ટરયુક્ત વોટર કુલર ન હતાં. એ સમયમાં ઘરગથ્થુ રીતથી પાણીની શુદ્ધિકરણની પ્રક્રિયા કરવામાં આવતી હતી. અહીં મંત્રીએ ગંદા પાણીના એ માટીના ઘડા નીચે અન્ય સાત ઘડા ગોઠવ્યા. એ ઘડામાં કોલસા, (કોયલા), રેતી, ફટકડી (છક્ષ્ણેદ્ધ), નદીના વહેણમાં ઊગતી મોથ, વાળો, દુર્ગંધ હરતી વનસ્પતિનાં પાન અને ઝીણા કપડાની ગરણી મૂકવામાં આવી. છેલ્લા ઘડા સિવાય બાકીના તમામ ઘડાને તળિયે એક નાનું છિદ્ર પાડવામાં આવ્યું જેથી પ્રથમ ઘડામાંથી બીજા ઘડામાં નીચે પાણી એક-એક ટીપું ટપકે અને એ ઘડામાંથી એ પાણીનું ટીપું પસાર થઈ અને ત્રીજા ઘડામાં ટપકે, એમ એક-એક ઘડામાંથી પસાર થનાર પાણી શુદ્ધ થતું જાય છે અને છેલ્લા ઘડામાં પહોંચતા સુધીમાં તો તેના પાણીનું ટીપું પસાર થઈ અને ત્રીજા

**પ્રભાતના પુષ્પો**

**ગુણવંત બરવાળિયા**

ઘડામાં ટપકે, એમ એક-એક ઘડામાંથી પસાર થનાર પાણી શુદ્ધ થતું જાય છે અને છેલ્લા ઘડામાં પહોંચતા સુધીમાં તો તેના શુદ્ધિકરણની પ્રક્રિયા પૂર્ણ થઈ જાય છે જેથી આ પ્રક્રિયામાંથી પસાર થઈને પાણી સ્ફટિક જેવું નિર્મળ, દુર્ગંધરહિત, સ્વચ્છ અને પીવાલાયક બની ગયું હોય છે. જ્યારે રાજકુમારનો જન્મદિવસ આવ્યો ત્યારે મહામંત્રીએ રાજાજીને સપરિવાર પોતાના ઘરે જમવા માટે આમંત્રણ આપ્યું. જ્યારે રાજા સપરિવાર મંત્રીના ઘરે પધાર્યા ત્યારે મંત્રીએ પેલા ગંદા નાળાના શુદ્ધ કરેલા પાણીમાં થોડું કેવડાજલ અને ગુલાબજલ મિક્સ કરીને રાજા અને તેમના પરિવાજનોને પીરસ્યું. રાજાએ જળ પીધા પછી મંત્રીને કહ્યું કે, 'આ તમે હમણાં જે પ્રવાહીને પીરસ્યું તે જળ છે કે અન્ય કોઈ પેય છે ?' મંત્રી કહે, 'ના રાજા. અન્ય કોઈ પણ પ્રકારનું મેં આપને પેય પીરસ્યુ નથી. એ માત્ર જળ જ છે, બીજું કશું નહીં.'

રાજા આશ્ચર્યચકિત થઈને કહે છે કે, 'મારા માન્યામાં આવતું નથી કે આવું નિર્મળ અને અનુપમ સુગંધવાળું જળ હોઈ શકે !? આ જળને પીતાં પીતાં અમૃત પી રહ્યા હોઈએ એવી અનુભૂતિ થઈ રહી છે ! મંત્રીવર, મને કહો કે, આવું વિશિષ્ટ જળ આપ ક્યાંથી લાવ્યા ?' મંત્રી કહે, 'હજૂર પાણીના શું વખાણ કરીએ ! એ તો યુદ્‌ગલ છે, એનો સ્વભાવ તો સડન, પડન, ગલન છે. પાણીમાં નાળામાં જાય, ગંદગી ભળે તો ગંદુ થઈ જાય અને એ જ પાણીને શુદ્ધ કરવામાં આવે તો તે નિર્મળ અને શુદ્ધ પણ થઈ જાય !'

રાજા કહે, મંત્રી 'હું આ પાણીના ઉત્તમ ગુણો અને તેની શ્રેષ્ઠતાની પ્રશંસા કરું છું કેમ કે આપ એ પ્રતિ બિલકુલ લક્ષ આપતા નથી. એ દિવસે જ્યારે ગંદા નાળાના પાણીની દુર્ગંધની વાત કરી ત્યારે પણ તમે યુદ્‌ગલ અને તેના સડન, ગલનની વાત કરી. મેં આપને પૂછ્યું કે આવું મધુર સ્વાદિષ્ટ અને સુગંધી જળ આપ ક્યાંથી લાવ્યા ? મજાક બંધ કરો ને મારા પ્રશ્નનો ઉત્તર આપો.' મંત્રી રહસ્યઉદ્‌ઘાટન કરતાં કહે, 'મહારાજ, એ એ જ ગંદા નાળાનું પાણી છે જેની આપ દુર્ગંધ સહન કરી શકતા ન હતા પરંતુ આ પાણી મંગાવી અને તેની શુદ્ધિકરણની પ્રક્રિયા કરી અને તેમાં સુગંધી પદાર્થવાળુ થોડું પાણી મેળવ્યું જે આપનું પ્રિય અને પ્રશંસાને પાત્ર બની ગયું. રાજન, આપણે યુદ્‌ગલના પરિવર્તન અને પર્યાય બદલવાની સ્થિતિને ઉત્સુક છું.'

હે રાજન, કોસલ પ્રદેશની આપની મિથિલાનગરને બહાર ઉપવનમાં ભગવાન મહાવીરે પ્રરૂપેલ વીતરાગ ધર્મમાં દીક્ષિત આચાર્ય ભગવંત પધાર્યા હતા. તેમણે કહેલું કે, આપણી ભીતરમાં કામ, ક્રોધ, મોહ, માયા, ઈર્ષા અને લોભને જે કચરો પડ્યો છે તેને સત્સંગ અને તપથી શુદ્ધ કરીશું તો આત્મા નિર્મળ બનશે અન એ આત્મનિર્મળતા જ આપણું કલ્યાણ કરશે. મંત્રી કહે, 'રાજન, આજે આપને ત્યાં ભોજન સાથે ઉત્કૃષ્ટ અધ્યાત્મદિશાની ભેટ મળી.'

# કરૂણા અવતાર શ્રી ભગવાન ગૌતમ બુદ્ધ

''દુ:ખ છે, દુ:ખનું કારણ છે, દુ:ખનો ઉપાય છે અને ઉપાય શક્ય છે.''- ગૌતમ બુદ્ધનું આ નાનું વાક્ય મોટાં દુ:ખોનું મારણ છે. વાક્યમાં અનુભવ છે, જ્ઞાન છે, ઉપદેશ છે, સત્યનો રણકો પણ છે. આજે વિષ્ણુ ભગવાનના ૯ (નવ)મા અવતાર ગણાતા ગૌતમ બુદ્ધ ભગવાનની ૨૫૮૯મી જન્મ જયંતી છે તેમના વિશે કંઈક જાણીએ.

કપિલવસ્તુ નગરીના પિપરહવા ગામે શાક્ય વંશના રાજા શુદ્ધોધનને ત્યાં માતા મહામાયાની કૂખે ઈ.સ.પૂર્વે ૫૬૩માં બાળકનો જન્મ થયો - નામાભિધાન થયું. સિદ્ધાર્થ તે ૭ દિવસના થયા ત્યારે જ માતાનું અવસાન થયું. શુદ્ધોધને મહામાયાની નાની બહેન ગૌતમી સાથે લગ્ન કર્યાં, તેમણે જ સિદ્ધાર્થને પાળી પોષી મોટા કર્યાં.

સિદ્ધાર્થ વિશે ભવિષ્યવાણી થઈ : તે મહાન ચક્રવર્તી રાજા થશે કાં તો મહાન સંત થશે. પિતાની ઈચ્છા પુત્ર રાજા થાય તેવી હતી જેથી માત્ર ૧૬ વર્ષની ઉંમરે યશોધરા નામની સુંદર રાજકન્યા સાથે લગ્ન થયાં જેનાથી એક પુત્ર પ્રાપ્ત થયો જેનું નામ રાહુલ હતું.

એક દિવસ સિદ્ધાર્થ અગાશીમાં ઊભા હતા ત્યારે લાકડીના ટેકે ચાલતા વૃદ્ધ અને મૃત્યુ પામેલ માણસની નનામી નિહાળ્યાં. જેણે ઘાસની ગંજીમાં તણખાનું કામ કર્યું. મોહ નાશ પામ્યો, જ્ઞાનનો ઉદય થયો અને મધ્યરાત્રિએ ૨૯ વર્ષની ઉંમરે યશોધરા અને રાહુલને ઊંઘતા મૂકી ચાલતા થયાં. સંસારનો ત્યાગ કરી દીધો. આ મહાન ત્યાગ મહાભિનિષ્ક્રિમણથી આજે પણ પ્રસિદ્ધ છે.

'બુદ્ધ' એટલે જ્ઞાતા, જ્ઞાની, સમજુ, જાગી ગયેલું, બુદ્ધિ પામેલ - એવા વિવિધ અર્થો થાય છે. ગૌતમી માતાએ ઉછેર કરેલ જેથી તે સિદ્ધાર્થ મટી ગૌતમ બુદ્ધ બન્યાં બોધ ગયાની નિરંજના નદી કાંઠે પીપળા નીચે સમાધિ લગાવી. વૃક્ષ નીચે અસ્તિત્વના અસ્તિત્વનું જ્ઞાન થયું - પીપળો બોધિવૃક્ષ તરીકે આજે પણ પ્રસિદ્ધ છે.

જ્ઞાન પ્રાપ્તિ પછી સારનાથ ગયા : અહીં સૌ પ્રથમ પાંચ શિષ્યને ઉપદેશ આપ્યો જે ધર્મચક્ર પ્રવર્તની ઓળખાય છે. બુદ્ધે જીવદયાનું સમર્થન કર્યું. પશુહિંસાનો સખત વિરોધ કર્યો. જ્યાં સુધી એકપણ વ્યક્તિ દુ:ખથી પીડિત હશે ત્યાં સુધી હું નિર્વાણ સુખમાં પ્રવેશ નહીં કરું-એ એમની કરૂણાની પરાકાષ્ટાએ એ કરૂણામૂર્તિ બુદ્ધ કહેવાયા. એમની આ કરૂણા પ્રજ્ઞાવાન છે, જેમાં અહંકાર નથી, શદ્ધ પ્રેમનો ટંકાર છે, માનવવાનો રણકાર છે, ધર્મનો સાચો આવકાર છે, જે કરૂણાવતાર છે.



દુ:ખને સુખમાં પરિવર્તિત કરવા સમ્યક દૃષ્ટિ, સંકલ્પ, વાણી, કર્મ, આજીવિકા, વ્યાયામ, સ્મૃતિ અને સામ્યક સમાધિ - એ અષ્ટસિદ્ધિ મંત્રો બની ગયા. ધર્મપાલનમાં બુદ્ધે સ્ત્રીઓને સામેલ કરી. ક્રાન્તિકારી પગલું ભર્યું. મિગારમાતા બુદ્ધની પ્રથમ શિષ્યા હતી. બૌદ્ધનું સમગ્ર સાહિત્ય પાલી ભાષામાં થયું. એ સમયે ૧૯૦૦૦ બૌદ્ધવિહારો હતો. યુદ્ધને ટાળવા બુદ્ધ અનિવાર્ય છે. મહાયાન, હિનયાન, વ્રજયાન ત્રણ પંથોની શરૂઆત થઈ.

બૌદ્ધ ધર્મનો મુખ્ય ધર્મગ્રંથ 'ત્રિપિટક' - છે. જેમાં મુખ્યત્વે સુતપિટક, દીર્ઘનિકાય, મઝિમ નિકાય, સંયુક્ત નિકાય - ને બુદ્ધનાં વચનો તરીકે ઓળખાય છે. મૃત્યુ એ જીવનનો અંત નથી પણ નવા જીવનની શુભ શરૂઆત છે. જગતની તમામ વસ્તુ અનિત્ય છે, હું ને ઓળખો ત્યાગીને ભોગવી જાણો. કરૂણામાં જ સાચી માણસાઈ છે - એ આ ધર્મનો સાર છે. જગતના હાલ મુખ્ય ૪૫ ધર્મો છે તેમાં ૯મું સ્થાન બૌદ્ધધર્મનું છે.

ભારત, નેપાળ, શ્રીલંકા, થાઈલેન્ડ, વિયેટનામ, જાપાન, ચીન, કંબોડિયા, તિબેટ, મ્યાનમાર - જેવા અનેક દેશોમાં બૌદ્ધ ધર્મનો વિપુલ ફેલાવો છે. અંતે મહાપ્રસ્થાનની ઘડી આવી ગઈ. પોતાના જ શિષ્ય ચુંદ લુહારને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કર્યા પછી પેટમાં દુ:ખાવો ઉપડ્યો, અણસાર આવી ગયો. શાલવૃક્ષ નીચે સૂઈ ગયા. પ્રિય શિષ્ય આનંદને બોલાવી કહ્યું મારા મૃત્યુ માટે કોઈ ચુંદને દોષિત ગણશો નહિ. અંત સમયે પણ આ કરૂણા સ્વયં કરૂણા બની ગઈ.

કિસા ગૌતમીના પુત્રનું અવસાન થતાં તે બુદ્ધ પાસે ગઈ ત્યારે એટલું જ કહ્યું : જા, એ ઘેરથી રાઈના ચપટી દાણા લઈ આવ જે ઘેર આજ સુધી કોઈનું મૃત્યુ જ ન થયું હોય. કિસા ગૌતમની બધે ફરી નિરાશ થઈ પરત આવી પગે લાગી. મૃત્યુ શાશ્વત છે - એ આ ઉદાહરણથી સહુને સમજાઈ ગયું. આજે પણ આ સૂત્રો આટલા જ પ્રસ્તુત છે :

''બુદ્ધં શરણં ગચ્છામિ - ધમ્મં શરણં ગચ્છામિ - સંઘં શરણં ગચ્છામિ''

ઈ.સ.પૂર્વે ૪૮૩માં ઉત્તર પ્રદેશ, જિલ્લો : દેવરિયા, ગામ : કસિયા - કુશીનગર ખાતે ૮૦ (એંસી) વર્ષે તેઓ નિર્વાણને પામ્યા. ગૌતમ બુદ્ધ ભગવાનને આજે આ શબ્દાંજલિ - ભાવાંજલિ આપી લેખનું સમાપન કરીએ.

**- પી. એમ. પરમાર**

**૨૦ ઓક્ટોબર ૨૦૨૬ના દિવસે ધમ્મચક્ર પ્રવર્તન દિન તરીકે ઉજવવામાં આવે છે**

# ચેતનાનો મહોત્સવ: દશેરાની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ગરિમા

આસો નવરાત્રિના નવલાં નોરતાંની પૂર્ણાહુતિ થતાં જ દસમા દિવસે દશેરાના પવિત્ર તહેવારનું આગમન થાય છે. દશેરો માત્ર તહેવાર નથી, પરંતુ માનવજીવનમાં રહેલી આસુરી શક્તિઓને ડામીને આત્મસુધાર, આત્મજાગૃતિ અને આત્મચેતનાને ઉજાગર કરવાનો પવિત્ર દિવસ છે. ભીતરનું શુદ્ધિકરણ કરી પરમ શાંતિ તથા સુખ તરફ ગતિ કરવાનો અનેરો અવસર છે. અસત્ય પર સત્યના વિજયનું, અન્યાય સામે ન્યાયના શંખનાદનું અને અધર્મ પર ધર્મના વિજયધ્વજને લહેરાવવાનું પરમ પાવન પર્વ એટલે વિજયાદશમી. આપણા અંત:કરણમાં ચાલતા મહાભારતના વમળોને શાંત કરી, મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના દિવ્ય ગુણોની રામાયણ ખીલવવાનો પરમ મંગલકારી દિવસ છે.

'દશેરા' શબ્દ સંસ્કૃત શબ્દ 'દશહરા' પરથી ઉતરી આવેલો છે. દસ પાપો અથવા શત્રુઓનું હરણ કરનાર એટલે દશહરા. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, આળસ, હિંસા તથા અન્યાય જેવા આસુરી તત્વો ઉપર અંકુશ પ્રાપ્ત કરી, તેમાંથી મુક્તિ મેળવવાનો આ ઉત્સવ છે. આ શુભ દિવસે શક્તિનું, શસ્ત્રનું, શાસ્ત્રનું, પ્રકૃતિનું તથા શમી વૃક્ષનું આદરપૂર્વક પૂજન કરવામાં આવે છે. વેપારીઓ ચોપડાઓનું પૂજન કરે છે. ખેડૂતો અન્નનું પૂજન કરે છે, કારીગરો પોતપોતાના સાધનોનું પૂજન કરે છે, સાહિત્યકારો તથા લેખકો મા સરસ્વતીનું તથા કલમનું પૂજન કરે છે.

વિજયાદશમીનું પર્વ સૌભાગ્ય, મંગલતા તથા શુભત્વથી છલકાતું પર્વ છે. આ દિવસે શરૂ કરેલું કોઈપણ સત્કાર્ય હંમેશાં સિદ્ધિ અને સફળતાને વરે છે. પાંડવોનો અજ્ઞાતવાસ પૂર્ણ થતાં જ તેઓએ



**મા દુર્ગાએ મહિષાસુર નામના ભયંકર સાક્ષરના ત્રાસમાંથી વિશ્વને મુક્ત કરવા માટે નવ દિવસ સુધી યુદ્ધ કર્યુ અને વિજયાદશમીના દિવસે તેનો વધ કર્યો હતો. આ વિજય એ અધર્મ, અન્યાય તથા અત્યાચાર સામે ધર્મનો તથા સત્યનો મહાન વિજય છે. આ જ પવિત્ર દિવસે ભગવાન શ્રીરામે લંકાપતિ અને પ્રખર વિદ્વાન રાવણનો વધ કરીને માતા સીતાજીને મુક્ત કરાવ્યાં હતાં. આ વિજય એ અસત્ય પર સત્યનો ભવ્ય વિજય ગણાય છે**

આ પાવનકારી દિવસે શસ્ત્રોનું પૂજન કર્યું હતું. અર્જુને પણ પોતાના 'ગાંડીવ' ધનુષ્યને શમી વૃક્ષ ઉપરથી ઉતારીને પૂજન કર્યું હતું. તદુપરાંત આ દિવસ આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પ્રતિક છે. મા દુર્ગાએ મહિષાસુર નામના ભયંકર સાક્ષરના ત્રાસમાંથી વિશ્વને મુક્ત કરવા માટે નવ દિવસ સુધી યુદ્ધ કર્યું અને વિજયાદશમીના દિવસે તેનો વધ કર્યો હતો. આ વિજય એ અધર્મ, અન્યાય તથા અત્યાચાર સામે ધર્મનો તથા સત્યનો મહાન વિજય છે. આ જ પવિત્ર દિવસે ભગવાન શ્રીરામે લંકાપતિ અને પ્રખર વિદ્વાન રાવણનો વધ કરીને માતા સીતાજીને મુક્ત કરાવ્યાં હતાં. આ વિજય એ અસત્ય પર સત્યનો ભવ્ય વિજય ગણાય છે. આમ, વિજયાદશમી એ સત્ય, ન્યાય તથા ધર્મના દીપને પ્રજ્વલિત કરી નિર્ભય બનીને સન્માર્ગે આગળ વધવાની માનવસમાજને પ્રેરણા આપે છે. શુભ ભાવથી કરવામાં આવેલું ઉમદા કાર્ય નિ:શંક સિદ્ધિને વરે છે, દશેરા એ સિદ્ધિ તથા સફળતાનું પ્રવેશદ્વાર બને છે. રામરાજ્યનો તથા મહિષાસુરમર્દિનીનો વિજયોત્સવ એટલે વિજયાદશમી.

ચેતનાનો આ મહોત્સવ આપણને મનની અયોધ્યામાં રામ ભગવાનને તથા તેના ઉમદા ગુણો રાખી આચરણમાં મુકવાનો સુંદર સંદેશ આપે છે. માનવે અંત:કરણમાં વિવેકનું ઓજસ અખંડ જાળવી રાખવાનું છે, ભીતરમાં સ્નેહની સુવાસ ફેલાવવાની છે, આ પર્વ વિજયોત્સવનું પર્વ છે, તેથી અંતરના શત્રુઓ ઉપર વિજય મેળવવાનો છે. અંતરમાં, પ્રાર્થીએ કે : હે પ્રભુ ! હે આદિશક્તિ ! અમોને અસત્યમાંથી સત્ય તરફ લઈ જાઓ, અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાઓ અને મૃત્યુમાંથી અમરત્વ તરફ લઈ જાઓ.

**- દિનેશ એલ. જોષીપુરા**

# કેવળ હરિ સ્મરણ

માનવીય જીવન અતિ ઉતકૃષ્ટ અને દુર્લભ છે. માણસે ફક્ત આત્મકેન્દ્રિત ન રહેતાં, ભોગ અને સ્વાર્થનો જ વિચાર ન કરતાં બીજા કોઈનો વિચાર કરવો જોઈએ. માણસના લખ ચોર્યાસીમાના શ્રેષ્ઠ જન્મને સાચા અર્થમાં ફળીભૂત કરવા માટે હરિનામ સ્મરણ કરવું જોઈએ.

બ્રહ્માથી માંડી અનાજના કણસલાના જથ્થા પર્યત સમગ્ર સંસાર માયામય છે. કેવળ હરિનું નામ જ સત્ય છે. તે મધુરથી યે મધુર મંગલમયથીયે મંગલમય અને પવિત્રથીયે પવિત્ર છે. ફક્ત પોતાની સુખ સગવડો વિષે વિચાર ન કરતાં બીજાનું ભલું ઇચ્છવું જોઈએ.

तपन्तु तापैं प्रयतन्तु पर्वतापठन्तु
तीर्थानि पठन्तु आगमान् ।
यजन्तु याजैर्विदिपन्तु वायैहरि
विना नैवे सृतिं तरल्ते ॥

(શ્રીમદ્ ભાગવત)

મનુષ્યભલે તપશ્ચર્યાઓની તપ્તા કરે, પર્વતો ઉપરથી ભલે કૂદી પડે. તીર્થોમાં ભલે ભટક્યા કરે, વેદોને ભલે ભણ્યા કરે, વાદવિવાદમાં ભલે યજ્ઞો કરે પણ શ્રીહરિના સર્વ જીવો પરમેશ્વરથી ઉત્પન્ન થયેલા હોવાથી પરમેશ્વરને જ આધીન છે. ભગવાન પ્રત્યેનો ભાવ અને મનનો સંયમ થાય તો જ ભક્તિ થઈ શકે છે. સોનાને અગ્નિમાં તપાવવામાં આવે છે ત્યારે સોનામાં પ્રવેશેલો અગ્નિ તેની મલિનતા દૂર કરે છે. તેવી રીતે હૃદયમાં શ્રી હરિનો પ્રવેશ થાય તો અશુભ વાસનાઓનો નાશ થાય છે. દેવોની ઉપાસના (ફળ આસક્તિ સહિતની) તપ, પ્રાણાયમ, તીર્થાટન, જપ, વ્રત વગેરેથી જે શુદ્ધિ થતી નથી. તે માત્ર કેશવ ભગવાનને હૃદયમાં સ્થાયી દેવાથી થાય છે.

कलौ केशव किर्ते तं 'કળિયુગમાં હરિકીર્તન જ એકમાત્ર ઉપાય છે. ભગવાનનાં, લીલા, રૂપ તથા નામનું સ્મરણ શ્રવણ, કીર્તન, ધ્યાનપૂર્વક અને આદરપૂર્વક કરવાથી શ્રીહરિ સદા પ્રસન્ન રહે છે. 'હરિ નામૈવ કેવલમ્'

**- પ્રો.શર્મિષ્ઠા જી.પટેલ**